e MAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

**Issue 390**
**April 17, 2015**



## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચોકબજાર નજીક તાપી નદીપર ચોક અને અડાજણ વિસ્તાર બાજુમાં ડાઉન સ્ટ્રીમમાં આવેલ હોપ પુલની જગ્યા એ નવનિર્મિત પુલની લોકાર્પણવિધિ શ્રી સૌરભભાઈ પટેલ માન. મંત્રીશ્રી નાણાં,ઊજા

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્યવિભાગ દ્વારા આયોજીત મહિલા અને બાળકો માટે વિના મુલ્યે આરોગ્ય નદાન/સારવાર કેમ્પ

૮ માર્ચ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ''ની ઉજવણી નિમિતે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૩/૨૦૧૫ થી ૦૪/૦૪/૨૦૧૫ દરમ્યાન ગુજરાતના દરેક તાલુકા તથા જીલ્લા લેવલે મહિલા તથા બાળકો માટે વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવેલ. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)માં આવેલ મોટા વરાછા વિસ્તારમાં મેગા ડિમોલીશન તથા માર્જીનની જગ્યામાં દબાણો દુર કર્યા.



સુરત શહેરના દિન–બ–દિન થઈ રહેલ વિકાસ ની સાથોસાથ ટ્રાફિક પરિવહન અને પાર્કિંગની ગંભીર સમસ્યાઓનું પણ નિમાર્ણ થયેલ છે. આ વિકટ સમસ્યામાંથી મહદ્અંશે બહાર આવી શકાય તેવા શુભ આશયથી મ્યુ.કમિશનરશ્રીના આદેશાનુસાર સુરત શહેરમાં સ્થિત અત્રેના પૂર્વ(વરાછા)ઝોનમાં આવેલ ટી.પી. સ્કીમ નં. ૧૮(મોટા વરાછા) વિસ્તારમાં ૧૮.૦૦ મીટર ટી.પી. રોડ તથા લજામણી ચોકથી ક્રિષ્ના ટાઉનશીપ સુધીની રસ્તા/ મિલકતોમાં જે

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉનાળાની રજાઓ દરમ્યાન સરથાણા નેચરપાર્ક– પ્રાણી સંગ્રહાલય મુલાકાતીઓ માટે દરરોજ સાંજે ૬–૦૦ વાગ્યા સુધી ખુલ્લુ રહેશે

હાલમાં સ્કુલો, કોલેજો અને અન્ય શૈક્ષણિક સંસ્થાઓમાં સત્ર પૂરુ થતાં અને ઉનાળું વેકેશનની રજાઓ શરૂ થતાં સુરત મહાનગરપાલિકા હસ્તકનાં ડો.શ્યામાપ્રસાદ મુખરજી ઝુ લોજીકલ ગાર્ડન ને સક્ષમ સત્તાધિશેતા.૧૨–૦૪–૨૦૧૫ થી તા.૦૭–૦૬–૨૦૧૫ સુધી અઠવાડિયાના તમામ દિવસે મુલાકાતીઓ માટે ચાલુ

વધુ માટે કલીક કરો >>>>>>

## ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ચીફ/સીટી ઈજનેરશ્રી તથા ટાઉન પ્લાનર(બી)અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૪, નોંધ નં.૩૮૭૨ થી ૩૮૭૪ ચોકીશેરી, બેગમપુરાવાળી મિલ્કતમાં અત્રેથી તા.૦૯/૦૬/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ

વધુ માટે કલીક કરો >>>>>>

## વર્ષ ૨૦૧૪–૨૦૧૫ માં પશુપાલકો દ્વારા ઢોરો ને જાહેર રસ્તા ઉપર રખડતા–ભટકતા રાખવા બદલ માર્કેટ ખાતાએ દંડ અને પેનલ્ટી પેટે લાખો રૂપિયાની વસુલાત કરી અને વિવિધ પોલીસ સ્ટેશનોમાં ૪૦૦ થી વધુ પોલીસ ફરિયાદ નોધાવી.

સુરત મહાનગરપાલિકાના આરોગ્ય ખાતા તાબા હેઠળના ઢોર ત્રાસ અંકુશ વિભાગ દ્વારા રખડતાં ઢોરોના ત્રાસને ડામવાના ભાગરૂપે દરરોજના ધોરણે સુરત શહેરના વિવિધ પોલીસ સ્ટેશન તાબા હેઠળના વિસ્તારોમાં પોલીસ ખાતાનો સાથ–સહકાર લઈ રખડતા ઢોરોને પકડી પાડી મહાનગરપાલિકાના ઢોર ડબ્બાઓમાં પૂરવામાં આવે છે. વર્ષ ૨૦૧૪–૧૫

વધુ માટે કલીક કરો >>>>>>

## ''સ્વચ્છ ભારત અભિયાન'' તા.૦૯/૦૪/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, ''સ્વચ્છ સુરત, સુંદર સુરત'' ની છબી બગડવા ન પામે તે હેતુસર, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંતર્ગત તા.૦૬ એપ્રિલ ૨૦૧૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વઝોન (વરાછા)માં આવેલ નાના વરાછા વિસ્તારમાં દબાણ/ ડિમોલીશન ઝુંબેશ.

પૂર્વ(વરાછા)ઝોનમાં આજરોજ ઘનિષ્ઠ ઝુંબેશ કરી ટી.પી. સ્કીમ નં. ૩૮(નાના વરાછા) ની હદ પૂરી થતા પૂર્વે ટી.પી. રોડને લાગુ ભગવાનનગર , ગૌરવપાર્ક તથા સરથી સોસાયટીના પ્લોટ હોલ્ડરો/ મકાનમાલિકો તરફેથી ફૂટપાથ/ માર્જીન તથા પાર્કિંગ ની જગ્યા કવર્ડ કરી બાંધેલ ફેબ્રીકેટેડ શેડ દાદર, ઓટલા, તથા બેરીકેડીંગ તોડવાના તથા વૃક્ષો /ઈલે. થાંભલા ઓ પર

વધુ માટે કલીક કરો >>>>>>

## ઉધના માં આવેલ સ્ટ્રીટ લાઈટનાં થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દુર કરવા માટે કરવામાં આવેલ કામગીરી અખબાર યાદી

સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે.અને છેલ્લા બે

વધુ માટે કલીક કરો >>>>>>



## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૦/૦૪/૨૦૧૫,શુક્રવાર ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને સંપન્ન કરવામાં આવી હતી.

વધુ માટે કલીક કરો >>>>>>

## પ્રેસનોટ



સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૩/૦૪/૨૦૧૫,સોમવાર ના રોજ વરાછા ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને સંપન્ન કરવામાં આવી હતી.

વરાછા ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમનં.૨૧ (સરથાણા–સીમાડા) ફા.પ્લોટનં.૧૧૪, પ્રાણી સંગ્રહાલયની સામે,સ્વસ્તિક ટાવર પાછળ,વિશાલ નગરની બાજુમાં,સરથાણા જકાત નાકા,સુરત ખાતે રૂા.૨૧૫.૮૦ લાખના ખર્ચે

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. અને છેલ્લા ૦૪( ચાર) દિવસ થી આ પ્રકારનાં

વધુ માટે કલીક કરો >>>>>>

## ડો.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી



સુરત મહાનગરપાલિકા દ્વારા વિશ્વવિભૂતિ–મહામાનવ, ભારત રત્ન અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૪/૦૪/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વંદના સહ સુતરાંજલિ તથા સાંજે ૪.૦૦ કલાકે સર્વધર્મ પ્રાર્થના તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે, માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે કરવામાં આવ્યુ હતું. ૧૪મી એપ્રિલની સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાળાના વિદ્યાર્થીઓ ડો.બાબા સાહેબ આંબેડકરના સુવાકયો લખેલા બેનર સાથે પ્રભાતફેરી

વધુ માટે કલીક કરો >>>>>>

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૧.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૨૨૧** ફાઈલના **રૂા.૫૨.૪૪ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૬ લોકેશન(ખાડા)૩૩૫.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૧૮.૬૫૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૬** લોકેશન(ખાડા) **૧૯૫.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૭** લોકેશન **૩૦૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા પાણીના નવા કનેકશન **કુલ :૪૧** આપવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૦૧** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૩૧** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૨૩૨.૩૪** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૪૪.૦૦ હજાર** થયેલ છે.,**૦૨** EC તથા **૦૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૧૨૬૦**/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૭૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.,**૧૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૧** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૬૮** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૯** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૮૨.૯૫૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૩૧** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૬૪૦૦**/–છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૬૦૧૪** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૧૩૦૫૯** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૩૯** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૯૩** કરવામાં આવેલ છે. જયારે **૪૯** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૫૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૩૧/૦૩/૨૦૧૫ નાં રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૬૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૪૯૭૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૪૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૨૦ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૧૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી, ફુલપાડા નવી/જુની જી.આઈ.ડી.સી., ડભોલી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ.વિ., ડભોલી સિંગણપોર રોડ બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી, કોસાડ, ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ, ઉત્રાણ વિગેરે વિસ્તારમાંથી કુલ ૧૬૬૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧,૪૫,૬૬,૩૮૭/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે તથા ૧૫ મિલ્કતોને ઈ.ડબલ્યુ.એસ. આવાસ કોસાડ ખાતે સીલ મારવામાં આવેલ છે જેની સ્થળ ઉપર રૂા.૭,૪૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે, ૦૬ મિલ્કત કુબેરનગર, વેડ દરવાજા ખાતે સીલ મારવામાં આવેલ છે. જેની સ્થળ ઉપર રૂા.૨,૩૫,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. આમ, કુલ ૨૧ મિલ્કતોને સીલ મારતા સ્થળ ઉપર કુલ રૂા.૨,૪૨,૪૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૧૮૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૩૪ એન્ટ્રીમાં રૂા.૮૬,૪૯૦/– અને આર.સી.ની. ૧૫૪ એન્ટ્રીમાં રૂા.૪૯,૩૨,૫૪૭/– મળી કુલ રૂા.૫૦,૧૯,૦૩૭/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૨૪ એન્ટ્રીમાં રૂા.૧,૪૮૦/– અને દંડની રકમની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧,૩૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૪ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૩૩,૬૮૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૮૮ ફાઈલોના રૂા.૨૧,૭૮,૪૦૦/– ની વસુલાત કરવામાં આવેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૩૫,૫૩૦/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૧,૪૦,૯૫૪/–, હોડીંગ્સ ચાર્જના રૂા.૨૮,૯૫૮/–, દબાણ ચાર્જના રૂા.૪,૬૦૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૧૩૬/– મળી કુલ રૂા.૧,૭૬,૬૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૦૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસ નોટ

**(૧)** સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તામાં મુખ્ય રસ્તાઓ પર રોડ, ફૂટપાથ તેમજ ફ્રન્ટ માર્જીનમાં અનઅધિકૃત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન, છાપરા વિગેરે દબાણ થયેલાં હોય જેને પરિણામે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ થાય છે જેને ધ્યાને લઈ તેને દૂર કરવાની ઝુંબેશ તા.૦૧/૦૪/૨૦૧૫ ના રોજ આનંદ મહલ રોડ પર કોમર્શીયલ મિલ્કતોમાં આગળનાં માર્જીનવાળા / પાર્કીંગવાળા ભાગમાં ઓટલાના લેવલ નીચા કરાવીને ફૂટપાથનાં લેવલ પર કરવા માટે દબાણ દૂર કરેલ તેમજ અનઅધિકુત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન તેમજ છાપરા વિગેરે દબાણ દૂર કરવની કામગીરી કરવામાં આવેલ છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીનો પ્રકાર | મિલ્કતની સંખ્યા | નંગ | એકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | હોર્ડિંગ્સ / બોર્ડ | ૫૦ | ૨૮ | નંગ | |
| ૨ | લારી–ગલ્લા | - | ૨૦ | નંગ | |
| ૩ | પતરાનાં શેડ | ૧૦ | ૧૦ | નંગ | |
| ૪ | ઓટલા | ૨૫ | - | ૨૦૦૦ ચો.ફૂટ | |

આમ, પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા આનંદ મહલ રોડ પર ઉકત કામગીરી હજુ ચાલુ છે.

**શિડયુલ**

| ક્રમ | મેઈન રોડનું નામ | સુ.મ.પા. ધ્વારા દબાણ દૂર કરવામાં આવનાર ટેન્ટીટીવ તારીખ | રીમાર્કસ |
|---|---|---|---|
| ૧ | **આનંદ મહલ રોડ**<br>ભુલકા ભવન થી રોટલાપીરની દરગાહ સુધી | તા.૦૧/૦૪/૨૦૧૫ થી શરૂ કરવામાં આવેલ છે. | (૧) સ્વૈચ્છિક રીતે દબાણ દૂર કરવાની આખર તારીખ વીતી ગયેલ છે.<br>(૨)સદર દબાણ દૂર કરવાની કામગીરી દરમ્યાન વહીવટી ચાર્જ જે તે મિલ્કતદારો પાસેથી વસુલ લેવામાં આવશે. |
| ૨ | **એલ.પી.સવાણી રોડ**<br>એલ.પી.સવાણી સ્કુલથી સ્ટાર મોલ સુધી | તા.૧૦/૦૪/૨૦૧૫ | |
| ૩ | **હનીપાર્ક રોડ**<br>(રોડની બંને સાઈડ) પ્રાઈમ આર્કેડથી એલ.પી.સવાણી સ્કુલ સુધીનો | તા.૨૩/૦૪/૨૦૧૫ | |

**(૨)** પશ્ચિમ ઝોન(રાંદેર)વિસ્તારમાં ફાયનલ ટી.પી.સ્કીમોમાં આવેલ સોસાયટીઓમાં બાકી આઈ.સી.ના નાણાંની વસુલાતની ઝુંબેશના ભાગરૂપે આજરોજ ટી.પી.સ્કીમ નં.૩૨(અડાજણ), ફા.પ્લોટનં.૧૩૯, શાંતમ રો'હાઉસમાં કુલ–૫ પ્લોટ હોલ્ડરો ધ્વારા આઈ.સી.ના નાણાંની રકમ રૂ.૩,૯૭,૩૪૦/– ભરપાઈ નહી કરતાં પાણીના કનેકશન દૂર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. સદર સોસાયટી ધ્વારા પ્રાથમિક સુવિધા મેળવવા માટે સુરત મહાનગરપીલકામાં અરજી કરેલ હતી પરંતુ આઈ.સી.ના નાણાં ભરપાઈ નહી કરવાથી સદર સોસાયટી પ્રાથમિક સુવિધાથી વંચિત રહી ગયેલ છે. આમ, સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાઓ સમયસર મળી રહે તે હેતુસરની કાર્યવાહી કરવામાં આવેલ છે તેમજ સોસાયટીઓમાં સુવિધા અંગેના પ્રશ્નોના સુખદ નિરાકરણ આવશે. વધુમાં બાકી આઈ.સી.ના નાણાંની કાર્યવાહીની ઝુંબેશ બમણા વેગથી આગળ વધારવામાં આવનાર છે જેના કારણે દરેક સોસાયટીઓમાં પ્રાથમિક સુવિધાના કામો પૂર્ણ કરી શકાશે.

ઉપરોકત (૧) તથા (૨) મુજબની કરવામાં આવેલ કામગીરી તથા ઉકત શીડયુલ મુજબ હવે પછી કરવામાં આવનાર દબાણ દૂર કરવાની કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ તેમની સીધી દેખરેખ હેઠળ પશ્ચિમ ઝોન(રાંદેર)નો સંયુકત સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે / આવનાર છે.

## પ્રેસનોટ

## સુરત મહાનગરપાલિકા

નાણાંકીય વર્ષ ૨૦૧૪–૧૫ દરમ્યાન થયેલ આવક અને કેપીટલ ખર્ચ વિગેરેની માહિતી નીચે મુજબ છે. તેમજ સંલગ્ન પત્રકો પણ સામેલ છે.

- સને ૨૦૧૦–૧૧ની રેવન્યુ આવક રૂા.૧૦૧૮/– કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં રેવન્યુ આવકમાં રૂા.૧૫૨૩/– કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૦૫/– કરોડનો વધારો થયેલ છે.
- સને ૨૦૧૦–૧૧નો કેપીટલ ખર્ચ રૂા.૭૪૦/– કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં કેપીટલ ખર્ચ રૂા.૧૭૪૧/– કરોડનો થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૧૦૦૧/– કરોડનો વધારો થયેલ છે.
- સને ૨૦૧૦–૧૧ની પ્રોફેશનલ ટેક્ષમાં રૂા.૪૭.૫૦ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં પ્રોફેશનલ ટેક્ષની આવક રૂા.૧૦૭/– કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૯.૫ કરોડનો વધારો થયેલ છે.
- સને ૨૦૧૦–૧૧ની વ્હીકલ ટેક્ષમાં રૂા.૮.૩૫ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં વ્હીકલ ટેક્ષની આવક રૂા.૫૮.૫૬ કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૦.૨૧ કરોડનો વધારો થયેલ છે.
- સને ૨૦૧૦–૧૧ની આકારણી અને વસુલાત વિભાગમાં રૂા.૨૪૩.૬૪ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં આકારણી અને વસુલાત વિભાગની આવક રૂા.૫૭૨.૧૯ કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૩૨૮.૫૫ કરોડનો વધારો થયેલ છે.
- આ ઉપરાંત આ સાથે હેડકવાટર્સમાં કેપીટલ ખર્ચ રૂા.૧૩૭૦.૮૯ કરોડ તથા તમામ ઝોનનો કેપીટલ ખર્ચ રૂા.૩૭૦.૫૦ કરોડનો મળી કુલ રૂા.૧૭૪૧.૩૯ કરોડનો થયેલ છે. પત્રક સામેલ છે.
- કેપીટલ ખર્ચનો એકટીવીટીવાઈઝ થયેલ ખર્ચનું પત્રક સામેલ છે.
- વધુમાં પ્રોફેશન ટેક્ષનું તેમજ આકારણી અને વસુલાત વિભાગનું પત્રક સામેલ છે.
- કેપીટલ ખર્ચ રૂા.૧૭૪૧ કરોડનું હેડકવાટર્સ તેમજ જુદા જુદા ખાતા તથા ઝોનવાઈઝ થયેલ ખર્ચનુ પત્રક સામેલ છે.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા ચોકબજાર નજીક તાપી નદીપર ચોક અને અડાજણ વિસ્તાર બાજુમાં ડાઉન સ્ટ્રીમમાં આવેલ હોપ પુલની જગ્યા એ નવનિર્મિત પુલની લોકાર્પણવિધિ શ્રી સૌરભભાઈ પટેલ માન. મંત્રીશ્રી નાણાં,ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ,ખાણ અને ખનિજ,કુટિર ઉદ્યોગ,મીઠા ઉદ્યોગ,છાપકામ અને લેખન સામગ્રી, આયોજન પ્રવાસન,નાગરિક ઉડ્ડયન,શ્રમ અને રોજગાર,ગુજરાત રાજય અને સુરત શહેર અને જિલ્લાના પ્રભારી મંત્રીશ્રી ના વરદ્દહસ્તે તા.૦૩/૦૪/૨૦૧૫,શુક્રવારના રોજ તાપી નદી ઉપર હેરીટેજ વોક વે તથા હોપપુલની પ્રતિકૃતિ યથાવત રાખી બ્રીજ તથા હેરીટેજ વોક–વે નું ઉદ્દઘાટન સંપન્ન કરવામાં આવ્યું હતું





આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે એ જણાવ્યું હતું કે હોપપુલ ૧૩૬ વર્ષ જુનો અને ઐતિહાસિક પુલ જર્જરીત થયો ત્યારે નહેરુ બ્રીજ બન્યો.રૂા.૭૦/– કરોડના ખર્ચે હોપપુલ ની જગ્યાએ નવનિર્મિત પુલનું આજરોજ ઉદ્દઘાટન માન.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલના વરદ્દહસ્તે કરવામાં આવ્યું હતું.હોપપુલની પ્રતિકૃતિ યથાવત રાખવામાં આવી છે.હેરીટેજ વોક–વે ના સ્વરૂપમાં સુરત શહેરની જનતા મોર્નિંગ વોક,ઈવનિંગ વોક હરવા–ફરવાનું સ્થળ મળી રહે તે માટે આજરોજ ખુલ્લો મુકવામાં આવ્યો છે.

આ પ્રસંગે રાજયકક્ષાના માન.મંત્રીશ્રી નાનુભાઈ વાનાણી એ તેમના પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકા ધ્વારા હોપપુલનું પુનઃનિર્માણ થી સુરત ની જનતાને સેવા પ્રાપ્ત થઈ તે બદલ શુભેચ્છા પાઠવી હતી.

આ પ્રસંગે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા એ જણાવ્યું હતું કે હોપપુલની જગ્યાએ નવનિર્મિત બ્રીજનું લોકાર્પણ થી જનતા માટે હેરીટેજ વોક–વે તથા હરવા–ફરવાનો પ્રોજેકટ મળ્યો છે.હેરીટેજ તરીકે હોપપુલના બે સ્પાન સાચવવામાં આવ્યા છે.સુરત મહાનગરપાલિકા હંમેશા વિકાસના કામોમાં અગ્રેસર રહયું છે.સુરત મહાનગરપાલિકાની જુદી–જુદી આવકો/ખર્ચા વિશે માહિતી આપી હતી. સને ૨૦૧૦–૧૧ની રેવન્યુ આવક રૂા.૧૦૧૮/– કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં રેવન્યુ આવકમાં રૂા.૧૫૨૩/– કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૦૫/– કરોડનો વધારો થયેલ છે,સને ૨૦૧૦–૧૧નો કેપીટલ ખર્ચ રૂા.૭૪૦/– કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં કેપીટલ ખર્ચ રૂા.૧૭૪૧/– કરોડનો થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૧૦૦૧/– કરોડનો વધારો થયેલ છે,સને ૨૦૧૦–૧૧ની પ્રોફેશનલ ટેક્ષમાં રૂા.૪૭.૫૦ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં પ્રોફેશનલ ટેક્ષની આવક રૂા.૧૦૭/– કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૯.૫ કરોડનો વધારો થયેલ છે,સને ૨૦૧૦–૧૧ની વ્હીકલ ટેક્ષમાં રૂા.૮.૩૫ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં વ્હીકલ ટેક્ષની આવક રૂા.૫૮.૫૬ કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૫૦.૨૧ કરોડનો વધારો થયેલ છે,સને ૨૦૧૦–૧૧ની આકારણી અને વસુલાત વિભાગમાં રૂા.૨૪૩.૬૪ કરોડની સામે સને ૨૦૧૪–૧૫માં આકારણી અને વસુલાત વિભાગની આવક રૂા.૫૭૨.૧૯ કરોડની થયેલ છે. જેની સરખામણી કરતાં આ સમયગાળા દરમ્યાન રૂા.૩૨૮.૫૫ કરોડનો વધારો થયેલ છે,આ ઉપરાંત આ સાથે હેડકવાટર્સમાં કેપીટલ ખર્ચ રૂા.૧૩૭૦.૮૯ કરોડ તથા તમામ ઝોનનો કેપીટલ ખર્ચ રૂા.૩૭૦.૫૦ કરોડનો મળી કુલ રૂા.૧૭૪૧.૩૯ કરોડનો થયેલ છે. સાત ઝોન પૈકી છ ઝોન ની ૧૦૦% વેરાની આવક પ્રાપ્ત થઈ એ બદલ સુરતની જનતાને અભિનંદન આપ્યા હતા. શહેરી ટ્રાફીક સમસ્યા હળવી કરવા નવા ૬૧ બ્રીજો નું આયોજન કરવામાં આવ્યું છે.તે પૈકી



૧૩ બ્રીજોનું કામ ચાલું છે.તમામ ઝોનમાં હેલ્થ સેન્ટર તથા મેટરનીટી હોમનું આયોજન હાથ ધરવામાં આવ્યું છે.એફોડેબલ હાઉસીંગ યોજના અંતર્ગત ૧૫૦૦૦ ઘરોનું આયોજન થકી સુરતને સ્લમ ફ્રી સીટી બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્વચ્છતા સેલ અંતર્ગત તમામ ઘરોને શૌચાલયની સુવિધા આપવામાં આવશે એમ જણાવ્યું હતું. માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીનું સ્વપ્ન હતું કે સુરત નું રેલ્વે સ્ટેશન વૈશ્વિક સ્તરે આધુનિક બને જે અંતર્ગત નજીકના ભવિષ્યમાં વર્લ્ડ કલાસ રેલ્વે સ્ટેશનની સુવિધા મળશે.વિશિષ્ટ પ્રોજેકટો માટે સુરત મહાનગરપાલિકાને વધુમાં વધુ ગ્રાંટ ફાળવવામાં આવે એવી અભ્યર્થના રાજય સરકારને કરી હતી.

આ પ્રસંગે સુરત શહેર અને જિલ્લાના પ્રભારી અને કેબીનેટ કક્ષાના માન.નાણાં મંત્રીશ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાની આર્થિક પરિસ્થિતિ મજબુત છે. તે માટે ટીમ સુરત ની મહેનત બદલ અભિનંદન આપ્યા હતા શહેરના વિકાસ માટે ચુટાયેલ પાંખ,અધિકારીઓ અને પ્રજા ત્રણેની જવાબદારી છે રાજય સરકાર જે નિતિ નકકી કરે તે મુજબ ટેક્ષનું માળખું સરળ બનાવવા થી ટેક્ષ ભરવામાં મુશકેલી ન પડે.વાયબ્રન્ટ ગુજરાત થકી ગુજરાત ની ઓળખ આપી છે.સુરતની એક પહેચાન છે.તેનો દાખલો આખા રાજયમાં આપવા જણાવ્યું હતું. સેમિનાર રાખવા, કરેલી કામગીરીની માહિતી, બીજી નગરપાલિકાને આપવા જણાવ્યું હતું સુરત મહાનગરપાલિકાની સફાઈની કામગીરીના વખાણ કર્યા હતા.એકબીજાની સારી કામગીરી વિશે અન્ય નગરપાલિકાઓનું ચોકકસ ધ્યાન દોરવા અનુરોધ કર્યો હતો. ગુજરાતના બજેટ વિશે માહિતી આપી હતી ગુજરાત અને અન્ય રાજયો વચ્ચેનો ફરક સમજાવતા જણાવ્યું હતું કે રૂા.૮૦,૦૦૦/– કરોડના સામાજિક ક્ષેત્રે ૪૮% વાપરવામાં આવે છે. અને કુલ ૭૨% ખેડુત માટે ખર્ચ કરવામાં આવે છે.અને બાકીનો ખર્ચ ઈન્ફાસ્ટ્રકચરમાં કરવામાં આવે છે આની પાછળનો હેતું એ છે કે ગામડામાં આવક વધી છે અને ખેડુત સમુધ્ધ બન્યો છે.શહેરોમાં રોજગારી ટેક્ષટાઈલ્સમાં મળે એવી સંભાવના છે.ગારમેન્ટ ઉધોગને લેબર ઈન્ટેન્સીવ યુનિટમાં લીધા છે તેના થી કોઈ પણ મહિલાને રોજગારી આપે તો સરકાર રૂા.૧૫૦૦/– આપશે. ટેક્ષટાઈલ્સમાં ,ગારમેન્ટમાં ,એમ્પ્લોઈમેન્ટમાં સરકારે વિવિધ યોજનાઓની માહિતી આપી હતી.રાજય સરકારે અર્બન સેન્ટરને પ્રમોટ કરવા રૂા.૧૦,૦૦૦/–કરોડ આપ્યા છે. નાના માણસોને રોજગારી માટે બાજપાઈ બેંકેબલ યોજનાની સુવિધા છે.માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીએ દિશા આપી છે.માન.મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબેન પટેલના ગતિશીલ ગુજરાતને પ્રેરણા આપી છે.જેના કારણે વિકાસ થયો છે.

માન.વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના વિચાર અંતર્ગત સ્માર્ટ સીટીની ગાઈડ લાઈન બનાવવામાં આવશે.અર્બન હાઉસીગ અંતર્ગત દરેક શહેરોના લો,મીડલ કલાસના લોકોને ઘર મળે તેવો સંકલ્પ રાજય સરકારે કરેલ છે.રૂા.૧૧૦૦/–કરોડ હાઉસીંગ ને ફાળવવામાં આવેલ છે.સ્વર્ણિમ જયંતિ મુખ્ય મંત્રી યોજનામાં રૂા.૩૦૦૦/–કરોડ ફાળવેલ છે.રાજય સરકાર મહાનગરપાલિકાને બસો આપશે જનો વહીવટ કોર્પોરેશન કરશે. શહેરને આગવી ઓળખ મળે તેવો પ્રોજેકટો હાથ ધરવા જણાવ્યું હતું જેનાથી શહેરનું બ્યુટીફીકેશન વધશે અને તેનો લાભ પ્રજાને મળશે. સુરતને ડ્રીમ સીટી પ્રોજેકટ મળવાથી આવતા દશ વર્ષમાં સુરતને લાભ મળશે.ટુરિઝમ ઉધોગમાં રોજગારીની ઘણી તકો રહેલી છે.સ્વચ્છતા અભિયાનમાં સહુને જોડવવા માટે અપીલ કરી હતી અને ટીમ સુરતને અભિનંદન આપ્યા હતા.

સુરત ગુજરાતની ગોલ્ડન ગર્લ કુમારી પુજા ચૌઋષિએ સાઉથ એશિયન ટ્રાયથ્લોન ચેમ્પીયનશીપ માં ગોલ્ડ મેડલ મેળવી હેટ્રીક સર્જા છે.છ આંતરરાષ્ટીય મેડલ સાથે તેણે મેળવેલ કુલ ૧૯૯ જેટલા ચંદ્રકો મેળવ્યા છે.જેમનું આજરોજ માન.મંત્રીશ્રી સૌરભભાઈ પટેલના વરદ્દહસ્તે મોમેન્ટો અર્પણ કરી સ્વાગત કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન.કે.વેકરીયાએ આભારવિધિ કરી હતી.જેમાં માન.દંડકશ્રી અજયકુમાર ચોકસી, ,ગુજરાત હાઉસીંગ બોર્ડના માન.અધ્યક્ષશ્રી વિવેકભાઈ પટેલ,માન. સાંસદશ્રી સી.આર.પાટીલ,માન. સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ ,માન.સાંસદશ્રી પરભુભાઈ વસાવા,,,માન.ધારાસભ્યશ્રી પુર્ણેશભાઈ મોદી, માન.ધારાસભ્યશ્રી નરોત્તમભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી રણજીતભાઈ ગીલીટવાલા, માન.ધારાસભ્યશ્રી શ્રીમતી સંગીતાબેન

પાટીલ,માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા, માન.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કાનાણી(કુમાર), માન.ધારાસભ્યશ્રી જનકભાઈ પટેલ(બગદાણાવાલા), માન.ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પટેલ (રાજા),માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધસમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુ.સદસ્યશ્રીઓ,મીડીયા,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ તથા વિશાળ સંખ્યામાં જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

# સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

૧. સ્મીમેર હોસ્પીટલમાં તા.૨૭/૦૩/૨૦૧૫ થી તા.૦૨/૦૪/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૧૦૨૩૨ |
| ૨ | દાખલ દર્દી | | ૯૧૯ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૩૫૬ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૪૭ |
| ૫ | ડીલીવરી | | ૧૧૧ |
| ૬ | ઓપરેશન | નાના | ૧૪૬ |
| | | મોટા | ૧૪૩ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૬૬૯ |
| | સોનોગ્રાફી | | ૪૮૧ |
| | એમ.આર.આઈ. | | ૧૪૬ |
| | સી.ટી.સ્કેન | | ૧૧૨ |
| ૮ | એ.આર.વી. | નવા | ૭૨ |
| | | જુના | ૨૩૪ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૨૬૫ |
| | | ઈસ્યુ | ૩૪૯ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૦૫૨૫ |

વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૨૮/૦૩/૧૫ થી તા.૦૩/૦૪/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૫૬૧ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૪૯ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૦ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૪ |
| ૫ | માયનોર ઓપરેશન | ૨૨ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૫ |

TOP

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર) વિસ્તામાં મુખ્ય રસ્તાઓ પર રોડ, ફૂટપાથ તેમજ ફ્રન્ટ માર્જીનમાં અનઅધિકૃત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન, છાપરા વિગેરે દબાણ થયેલાં હોય જેને પરિણામે રોડ પર ટ્રાફિકની ગંભીર સમસ્યાઓ થાય છે જેને ધ્યાને લઈ તેને દૂર કરવાની ઝુંબેશ તા.૦૪/૦૪/૨૦૧૫ ના રોજ આનંદ મહલ રોડ પર કોમર્શીયલ મિલ્કતોમાં આગળનાં માર્જીનવાળા / પાર્કીંગવાળા ભાગમાં ઓટલાના લેવલ નીચા કરાવીને ફૂટપાથનાં લેવલ પર કરવા માટે દબાણ દૂર કરેલ તેમજ અનઅધિકુત રીતે હોર્ડિંગ્સ, લારી–ગલ્લા, કેબીન તેમજ છાપરા વિગેરે દબાણ દૂર કરવની કામગીરી કરવામાં આવેલ છે. જેની ટૂંકી વિગત નીચે મુજબ છે.

| ક્રમ | કામગીરીનો પ્રકાર | મિલ્કતની સંખ્યા | નંગ | એકમ | રીમાર્કસ |
|---|---|---|---|---|---|
| ૧ | હોર્ડિંગ્સ / બોર્ડ | ૦૬ | ૧૨ | નંગ | |
| ૨ | લારી–ગલ્લા | – | ૦૩ | નંગ | |
| ૩ | પતરાનાં શેડ | ૦૯ | ૦૯ | નંગ | |
| ૪ | ઓટલા | ૦૫ | ૦૫ | ૫૦૦ ચો.ફૂટ | |

આમ, પશ્ચિમ ઝોન(રાંદેર) ધ્વારા આનંદ મહલ રોડ પર ઉકત કામગીરી તા.૦૧/૦૪/૨૦૧૫ના રોજથી શરૂ કરવામાં આવેલ છે, જે હાલ પણ પ્રગતિમાં છે.

ઉપરોકત દબાણ દૂર કરવાની કામગીરી એડી. સીટી ઈજનેરશ્રીની સૂચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીના માર્ગદર્શન તેમજ તેમની સીધી દેખરેખ હેઠળ પશ્ચિમ ઝોન(રાંદેર)નો સંયુકત સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે / આવનાર છે.

TOP

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૦૪.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૯૬** ફાઈલના **રૂા.૧૧.૩૦ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા **કુલ–૦૭** લોકેશન(ખાડા) **૨૭૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ–૦૯** લોકેશન **૩૪૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા પાણીના નવા કનેકશન **કુલ :૧૮** આપવામાં આવેલ તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૨.૫૩** લાખ થયેલ છે.,**૦૪** EC તથા **૦૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૬૪૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૩૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૧૯** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૭૮** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૯૫.૦૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૩૮** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૩૯૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૫૭૯૬** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૧૨૨૬૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૨૪** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૩૭૪** કરવામાં આવેલ છે. જયારે **૧૭** નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે **રૂા.૨૪૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ નોર્થઝોન (કતારગામ) સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૧/૦૪/૨૦૧૫ થી તા.૦૩/૦૪/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૬૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૪૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૩,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૨૬ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૩૪૩૦ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૨૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૨૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૯,૭૮,૪૭૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૪૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૯ એન્ટ્રીમાં રૂા.૩૮,૭૦૦/– અને આર.સી.ની ૨૧ એન્ટ્રીમાં રૂા.૬૦,૦૬૮/– મળી કુલ રૂા.૯૮,૭૬૮/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧ એન્ટ્રીમાં રૂા.૨૦/–, રીન્યુઅલની ૧૨ એન્ટ્રીમાં રૂા.૬૮૦/– અને દંડની રકમની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧,૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૪૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૯ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૪૧ ફાઈલોના રૂા.૫,૯૩,૩૩૬/– ની વસુલાત કરવામાં આવેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ડ્રાફટ ટી.પી.ના રૂા.૪,૮૭,૫૯૦/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ વસુલાત રૂા.૧,૩૫,૧૮૧/–, મિલ્કત ભાડાના રૂા.૬૯૪/–, દબાણ ચાર્જના રૂા.૪,૨૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૫૦૦/– મળી કુલ રૂા.૧,૪૧,૬૫૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા ધ્વારા ૫૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસ નોટ

## સુરત મહાનગરપાલિકા આરોગ્યવિભાગ દ્વારા આયોજીત મહિલા અને બાળકો માટે વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પ

૮ માર્ચ ''આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ''ની ઉજવણી નિમિતે ગુજરાત સરકારશ્રી દ્વારા તા.૧૪/૦૩/૨૦૧૫ થી ૦૪/૦૪/૨૦૧૫ દરમ્યાન ગુજરાતના દરેક તાલુકા તથા જીલ્લા લેવલે મહિલા તથા બાળકો માટે વિના મુલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવા જણાવવામાં આવેલ. જે અન્વયે સુરત મહાનગરપાલિકાનાં આરોગ્ય વિભાગ દ્વારા તા.૦૪/૦૪/૨૦૧૫ શનિવારનાં રોજ ડી.કે.એમ. અર્બન હેલ્થ સેન્ટર અને મેટરનીટી હોમ, કોટ સફીલ રોડ,રાણાવાડ નજીક, સુરત ખાતે મહિલા અને બાળકો માટે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવેલ.

આ પ્રસંગે શાસકપક્ષનાં નેતાશ્રી કિશોરભાઈ બિંદલ,આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનિલભાઈ બીસ્કીટવાલા, રૂગ્ણાલયા, વૈદકીય રાહત અને તંદુરસ્તી વધંક સમિતિ અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્રભાઈ પાટીલ,કાયદા સમિતિ અધ્યક્ષ શ્રીમતિ દક્ષાબેન જરીવાલા,ડે.કમિશ્નરશ્રી(હેલ્થ અને હોસ્પિટલ) ડો.હેમંતભાઈ દેસાઈ,મ્યુનિસિપલ સદસ્ય શ્રીમતિ વર્ષાબેન રાણા તથા શ્રીમતિ ઉર્મિલાબેન રાણા,શિક્ષણ સમિતિના સભ્યશ્રી વજલાલ જરીવાલા ,નાયબ આરોગ્ય અધિકારીશ્રી ડો.કે.આઈ.ખત્રી તેમજ સ્મીમેર હોસ્પિટલનાં વિવિધ રોગના નિષ્ણાંત ,સેન્ટ્રલ ઝોનના શહેરી આરોગ્ય કેન્દ્રનાં મેડીકલ ઓફિસરો, આઈ.સી.ડી.એસ.નાં કર્મચારી, વેકસીનેશનનાં કર્મચારી તથા અન્ય અધિકારી/કર્મચારીઓ હાજર રહયા હતા.

ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ.પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગ ધ્વારા મહિલા અને બાળકો માટે આયોજીત કેમ્પમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો વડે નિદાન કરી સારવાર આપવામાં આવશે.કેમ્પમાં ૪૦–૬૦ વર્ષની મહિલા ઓનું Breast cancer માટેનું અને ૩૦–૬૦ વર્ષની મહિલાઓનું Cervical cancer નું સ્ક્રીનીંગ કરવામાં આવશે તેમજ બાળકો માટે વજન ગ્રોથ મોનીટરીંગ ચાર્ટ,રસીકરણ,બાળરોગ નિષ્ણાંત ધ્વારા બાળકોની તપાસ કરવામાં આવશે,તમામ સગર્ભા માતાઓનું બ્લડ પ્રેશર,હિમોગ્લોબીન અને આવશયક હોય તો સોનોગ્રાફી કરવામાં આવશે.જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવશે.નાગરીકોને આવા વિનામૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યું તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યું હતું.

શાસક પક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલે પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું હતું કે મહિલા અને બાળકો સહિત સુરતના દરેક નાગરીકોના આરોગ્યની ચિંતા સુરત મહાનગરપાલિકા કરે છે.શહેરીજનોને કેમ્પનો લાભ લેવા તથા આરોગ્ય પ્રદર્શન નિહાળવા જણાવ્યું.નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા તથા ડીસ્પોઝલ પ્લેટમાં ખાવાનો આગ્રહ રાખવા જણાવ્યું હતું.

આરોગ્ય સમિતિના અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલાએ પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યું કે,સુરત મહાનગરપાલિકા શહેરના નાગરિકોને ઉતમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગુત છે.મહાનગરપાલિકાની કામગીરીને બિરદાવી નાગરીકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા,યોજવામાં આવેલ આરોગ્યલક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું.

રૂગણ્યાલય સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલએ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં વધુંમાં વધું મહિલા અને બાળકોને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યું.સુરત મહાનગરપાલિકા શહેરના નાગરિકોને ઉતમ પ્રકારની તમામ આરોગ્લક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પિટલ,મસ્કતિ હોસ્પિટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્ર ખાતે જવા અનુરોધ કર્યો.

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં **કુલ– ૩૭૦** લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૬૦ , બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૪૬, ફિઝીશયન દ્વારા ૧૧૯, સર્જન દ્વારા ૨૦, મેડીકલ ઓફીસર દ્વારા ૨૫ દર્દીઓને તપાસવામાં આવ્યા હતા. Cervical cancer ના નિદાન માટે ૧૧ મહિલાઓની Papsmear ની તપાસ કરવામાં આવેલ તેમજ ૦૯ મહિલાઓનું Breast cancer નું સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતું. ઓ.આર.એસના ૬૨ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. ૨૯ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના  સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી. ૧૦,૦૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો નિરોધ ૬૦૦ , ઓરલ પીલ્સ ૬ પેકેટ, આર્યન ફોલીક એસીડની ૧૦૦૦ ટેબલેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૫ બાળકોને પેન્ટાવેલેન્ટની રસી,૦૫ બાળકોને પોલીયોની રસી,૦૬ બાળકોને ઓરીની રસી,૦૬ બાળકોને વીટામીન–એ ની રસી આપવામાં આવી હતી.

TOP

## સુરત મહાનગરપાલિકા
## જાહેર આરોગ્ય વિભાગ
## સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે મે.કમિશનરશ્રીના આદેશ અનુસાર તા.૦૩/૦૩/૨૦૧૫ થી તા.૩૧/૦૩/૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન ખાસ ઝુંબેશ સ્વરૂપે ફુડ વિભાગના અને ઝોનના આરોગ્ય વિભાગના સુપરવાઈઝર/ફુડ સેફટી ઓફિસરર્સ સ્ટાફ મારફતે વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી સંદર્ભે હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ પર વેચાતા ખાદ્ય પદાર્થના ચેકીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ.

| ઝોન | ચેક કરેલ ખાણીપીણી હોટલની સંખ્યા | નાશ કરેલ અખાદ્યપદાર્થ (કિ.ગ્રા) | જપ્ત કરેલ પ્લાસ્ટિકનો જથ્થો (કિ.ગ્રા) | વહીવટી ખર્ચ | નોટીસ | ઈસમો | ક્ષતિ બદલ બંધ કરાવેલ સંસ્થા / લારી ઓની સંખ્યા |
|---|---|---|---|---|---|---|---|
| સેન્ટ્રલઝોન | **1634** | **223.100** | **12.350** | **392800** | **415** | **1255** | **0** |
| વેસ્ટઝોન | **1233** | **198.000** | **10.600** | **215700** | **290** | **1021** | **2** |
| સાઉથઝોન | **1505** | **278.500** | **47.800** | **150800** | **204** | **931** | **2** |
| સાઉથ–ઈસ્ટ ઝોન | **1170** | **157.700** | **21.500** | **165050** | **151** | **833** | **0** |
| સાઉથ–વેસ્ટ ઝોન | **581** | **168.000** | **12.000** | **87610** | **193** | **334** | **67** |
| નોર્થઝોન | **1217** | **246.000** | **40.000** | **191350** | **835** | **1100** | **0** |
| ઈસ્ટઝોન | **1687** | **233.500** | **27.750** | **211600** | **190** | **1404** | **0** |
| **કુલ** | **9027** | **1504.800** | **172.00** | **1414910** | **2278** | **6878** | **71** |

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૯૦૨૭ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ ૨૨૭૮ નોટીસ પાઠવી, ૭૧ સંસ્થા / લારી બંધ કરાવી, કુલ રૂા.૧૪,૧૪,૯૧૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૧૫૦૪.૮૦૦ કિ.ગ્રા. અખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવ્યો, જયારે ૧૭૨ કિ.ગ્રા. પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો. ઉપરાંત આરોગ્ય ખાતાના ફુડ સેફટી વિભાગ દ્વારા માહે–૨૦૧૫ દરમ્યાન કુલ ૬૮૧ ખાણી પીણીની સંસ્થા તથા ૬૪૬ ખાણી પીણીની લારીઓ ચેક કરવામાં આવેલ, તથા આ ચેકિંગ દરમ્યાન જુદી જુદી સંસ્થા / લારીઓ પરથી કુલ ૨૧૪ ફુડ સેમ્પલ લેવામાં આવેલ છે, આ ઉપરાંત મળેલ કુલ ૦૮ ફરીયાદનો નિકાલ કરી એડ.જયુડિ.ને લગતી કાર્યવાહી કરવામાં આવેલ છે.

TOP

**પ્રેસનોટ**

**સુરત મહાનગરપાલિકા**

**જાહેર આરોગ્ય વિભાગ**

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહેર માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવેલ છે. જેથી "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૧૩ ઓકટોબર ૨૦૧૪ થી ૧૮ ઓકટોબર ૨૦૧૪ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ કરવામાં આવેલ છે. આ પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૯૦,૩૨૯, દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૭,૨૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ. કામગીરી દરમ્યાન કુલ રૂા. ૧૫,૨૬,૭૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. (જે ૧૧,૮૬૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓની વિગતવાર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબ સાઈટ ઉપર મુકવામાં આવેલ છે.) પ્રથમ તબકકાની કામગીરી પૂર્ણ થયા બાદ બીજા તબકકાની કામગીરી તા.૦૫ જાન્યુઆરી ૨૦૧૫ થી ૧૦ જાન્યુઆરી ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન, સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની બીજા  તબકકાની ચકાસણી કરવાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે અન્વયે દરેક ઝોન દ્વારા દરરોજ સવારે ૧૧:૦૦ કલાક થી ૧:૦૦ કલાક તથા સાંજે ૫:૦૦ કલાક થી ૭:૦૦ કલાક દરમ્યાન કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ કરવામાં આવેલ. આ બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી કુલ ૭૭૧૦૭ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૭૩૬૪૪ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, કામગીરી દરમ્યાન કુલ રૂા. ૪,૬૭,૬૦૦ /– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ. જે ૩૧૯૯ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મળેલ તેવી સંસ્થાઓ પૈકી મુખ્યત્વે (૧) પટેલ ફાસ્ટફુડ બાલાજી રેસીડન્સી પુણા, (૨) ખુશ્બુ હેર આર્ટ, રૂપ સાગર સોસાયટી, અશ્વિનીકુમાર, (૩) સ્ટાર એન્ડ સ્ટાઈલી જેન્ટસ, એ.કે.રોડ, (૪) ઓમ સાંઈ ઝેરોક્ષ, જોલી પ્લાઝા, અઠવાગેટ, (૫) શકિત પાન મસાલા, ચાંદની ચોક, તુલસી ફળિયા, (૬) શીવમ આઈસ્ક્રીમ એન્ડ જયુસ સેન્ટર રૂઘનાથપુરા, સુરત પાસેથી મહત્તમ વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

આમ, પ્રથમ અને બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન તમામ ઝોન મળી કુલ ૧૬૭૪૩૬ દુકાનો / સંસ્થાઓ ચેક કરવામાં આવેલ, જે પૈકી ૧૫૦૯૪૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૧૫૦૬૩ દુકાનો / સંસ્થાઓમાં ડસ્ટબીન ન મુકવામાં આવેલ હોવાનું જણાયેલ, બંને તબકકાની કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૯,૯૪,૩૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

વધુમાં, આ અંગે ત્રીજા તબકકાની ઝુંબેશ મહાનગરપાલિકા દ્વારા માહે એપ્રિલ'૨૦૧૫ દરમ્યાન તા.૦૬/૪/૨૦૧૫ થી તા.૧૧/૪/૨૦૧૫ સુધી હાથ ધરવામાં આવનાર છે.

TOP

# પ્રેસનોટ

ભારત સરકાર ધ્વારાવધતા જતા શહેરીકરણની સાથે સાથે શહેરમાં જરૂરી માળખાગત અને અન્ય સુવિધાઓ ઉપલબ્ધ થઈ શકે તથા શહેરીકરણનીસમસ્યાઓના નિરાકરણ માટે અને શહેરીજનોની સુખાકારી માટેૃસ્માર્ટ સીટીૃ બનાવવા અંગે પરીકલ્પના જાહેર કરવામાં આવેલ છે.

સુરત મહાનગરપાલિકા સુરત શહેરનાનાગરિકોની સુખાકારી ધ્યાને રાખી ઉચ્ચ કક્ષાની સેવાઓ અને સુવિધાઓ પૂરી પાડવા કટીબદ્ધ છે. આ સંદર્ભે સુરત મહાનગરપાલિકા દ્વારા વખતો વખત વિવિધ ઈનીશીએટીવ હાથ ધરવામાં આવેલ છે. સુરત મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ કામગીરીની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ પણ સમયાંતરે નોંધ લેવામાં આવેલ છે. સુરત શહેરના વિકાસલ લોકોનો પોઝીટીવ અભિગમલ દીર્ઘ દ્રષ્ટિકોણ ધરાવતી લીડરશીપલ વિગેરેપાસાઓ ધ્યાને રાખીને સુરત શહેરના વિકાસમાં ભાગીદાર થવા અને સુરત શહેરને સ્માર્ટ સીટી તરીકેની ઓળખ આપવા માટે વિશ્વની ખ્યાતનામ મલ્ટીનેશનલ કંપની **યખો** દ્વારા તેઓના સ્માર્ટ સીટી સોલ્યુશન અંગેનું પ્રેઝન્ટેશન માનનીય મેયરશ્રીનીઅધ્યક્ષતામાં આજ રોજ (તા. ૦૪.૦૪.૨૦૧૫) કરવામાં આવેલ. સદર પ્રેઝેન્ટેશનમાંસાંસદ શ્રી સી. આર. પાટીલલ અને શ્રીમતી દર્શનાજરદોષસ દંડક શ્રી અજયકુમાર ચોકસીસ ધારાસભ્ય શ્રી પુર્ણેશભાઈ મોદીલ શ્રી નરોત્તમભાઈ પટેલલ શ્રી રણજીતભાઈગીલીટવાલાલ શ્રીમતી સંગીતાબેનપાટીલલ શ્રી મુકેશભાઈ પટેલલ શ્રી પ્રફુલભાઈપાનસેરીયાલ શ્રી હર્ષ સંઘવી ઉપરાંત સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી નીરવ શાહલ ડેપ્યુટી મેયર શ્રીમતી રંજનબેનવેકરીયાલ નેતાશ્રી શાસક પક્ષ શ્રી કિશોરભાઈબિંદલલ વિવિધ કમિટીનાચેરમેનશ્રીઓલ કમિશનરશ્રીમિલિન્દતોરવણે અને અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ બાબતે **યખો** દ્વારા વિશ્વના વિવિધ શહેરોજેવાકેરીઓ-ડી-જાનેરોલ સિંગાપોરલ મેડ્રિડલવિગેરેમાંઈમ્પ્લીમેન્ટ કરવામાં આવેલ સ્માર્ટ સીટી સોલ્યુશનસ અંગે જાણકારી આપતું વિગતવાર પ્રેઝન્ટેશન કરવામાં આવેલ. **યખો** દ્વારા સુરત શહેરની પ્રાથમિક માહિતી ધ્યાને લઈને ઈન્ટીગ્રેટેડ ટ્રાફિક મેનેજમેન્ટલએક્ઝીક્યુટીવડેશબોર્ડલ સેન્ટ્રલ કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટરલ વિગેરે માટેના સોલ્યુશન અંગે સૂચન કરવમાં આવેલ. પ્રેઝન્ટેશન બાદ સાંસદશ્રીઓલ ધારાસભ્યશ્રીઓ અને અન્ય ચુંટાયેલપાંખનાસભ્યશ્રીઓ દ્વારા સુરત શહેરના વિવિધ પ્રશ્નો જેવાકે ટ્રાફિકલ વોટર લીકેજ અને લોસલ વિગેરેસંદર્ભે ચર્ચા કરવામાં આવેલ તથા **યખો** અને સુરત શહેર વચ્ચે સ્માર્ટસીટી ભાગીદારીને કેવી રીતે આગળ વધારી શકાય અનેશહેરના વિકાસ માટે કયા-કયાવિષયમાં ભાગીદારી કરી શકાય એવા વિવિધ મુદ્દાઓ પર ચર્ચા વિચારણા કરવામાં આવેલ. આગામી દિવસોમાં **યખો** તથા સુરત મહાનગરપાલિકાનીસાથેવધુ અભ્યાસ કરી આ સંદર્ભે વધુ કાર્યવાહી કરવામાં આવશે.

અંતે કમીશ્નરશ્રી દ્વારા સુરત શહેર સ્માર્ટ સીટી પરિકલ્પના અંગેની સમજુતી આપવામાં આવેલ અને આ સંદર્ભે માનનીય મેયરશ્રી દ્વારા સુરત શહેર વિવિધ ક્ષેત્રોમાં હંમેશા અગ્રેસર રહ્યું છે અને તે સંદર્ભે

સુરત મહાનગરપાલિકા પહેલ કરીને સુરત શહેરને માત્ર સ્માર્ટ જ નહીં પરંતુ સ્માર્ટર શહેર બનાવશે એવી કટીબદ્ધતાદર્શાવામાં આવેલ. અંતે માનનીય મેયરશ્રી દ્વારા સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ તથા ઉપસ્થિત તમામ પ્રત્યે તેઓના કિંમતી સમય ફાળવી હાજર રહેવા અને સૂચનો માટે આભારની લાગણી વ્યક્ત કરેલ.

TOP

**પ્રેસનોટ**

**સાઉથઝોન(ઉધના)**

**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૦.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૯૦** ફાઈલના **રૂ.૧૧.૪૮ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૬ લોકેશન(ખાડા)૨૫૦.૦૦ ચો.મી**. પેચવર્કની કામગીરી કરી કુલ **૧૬.૨૪૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૨૨૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૦૮** લોકેશન **૩૧૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ **:૦૮** લારી ગલ્લા ઉપાડવામાં આવેલ તથા **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૭૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૦૨** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂ.૮.૫૫** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂ.૬.૦૦** લાખ થયેલ છે.,**૧૦** EC તથા **૧૧** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂ.૧૯૯૦/–** વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂ.૪૧૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.,**૫૭** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૯** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યા:**૩૮૫** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યા:**૧૦૬** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૨૦૧.૪૦૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યા:**૩૫** છે., વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂ.૧૩,૯૦૦/–**છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૧૫૨૨** ઘર સર્વે કરવામાં આવેલ., કુલ:**૨૫૮૧૧** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યા: **૬૯** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશન:**૭૭૦** કરવામાં આવેલ છે. જયારે **૩૪** નોટીસ આપવામાં આવેલ છે. તથા વહીવટી ખર્ચ પેટે **રૂ.૪૮૦૦/–** વસુલ લેવામાં આવેલ છે.

TOP

## સાઉથ ઝોન (ઉધના)

## પ્રેસનોટ

સુરત મહાનગર પાલિકાના આરોગ્ય સમિતિ તથા ડે.કમિશ્નરશ્રી ( હેલ્થ એન્ડ હોસ્પિ) સાથેની મીટીંગમાં મળેલ સૂચના મુજબ સુરત શહેર વિસ્તારમાં આરોગ્યલક્ષી ઘનિષ્ઠ ચેકીંગ કરવાની કામગીરીના અનુસંધાને સાઉથ ઝોન (ઉધના) ના આરોગ્ય વિભાગ દ્વારા તા.૧૦/૦૪/૨૦૧૫ નાં રોજ રાઉન્ડ દરમ્યાન ભેસ્તાન ત્રણ રસ્તા, અઝરા ફર્નીચરની બાજુમાં આવેલ સંગીતા ફરસાણ એન્ડ બેકરી, નામની સંસ્થામાં આકસ્મિક આરોગ્યલક્ષી ચકાસણી કરતાં દુકાનની પાછળના ભાગે જયાં સેવ, સીંગ–ભુજીયા, પાપડી, દાળ,ગાંઠીયા, વિગેર ફરસાણ બનાવવામાં આવે છે તે સ્થળે આરોગ્યલક્ષી બેદરકારી માલમ પડેલ અને પુષ્કળ ગંદકી જોવા મળેલ છે.તેથી ફુડવિભાગના ફુડ સેફટી ઓફીસર દ્વારા સદર સંસ્થામાંથી ખાધપદાર્થનું સેમ્પલ લઈ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે. કુલ ૪૪૦ કિ.ગ્રામ,સેવ, સીંગ–ભુજીયા તેમજ ગાંઠીયા વિગેરે ફરસાણનો અખાધપદાર્થના જથ્થાનો નાશ કરવામાં આવેલ છે. આરોગ્યલક્ષી બેદરકારી તથા ન્યુસન્સ બદલ તેઓને નોટીસ આપી સ્થળ ઉપર જ રૂા.૨૫,૦૦૦/– નો વહીવટી ખર્ચ વસુલવામાં આવેલ છે.  વધુમાં સદર જગ્યાની સંપૂર્ણપણે સાફ–સફાઈ ન થાય ત્યાં સુધી ફરસાણ બનાવવાનું કામ સદંતર બંધ કરાવવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

મસ્કતિ ધર્માર્થ હોસ્પિટલ ખાતે તા.૦૪/૦૪/૧૫ થી તા.૧૦/૦૪/૧૫ (શનિવાર થી શુક્રવાર) સુધીમાં નીચે દર્શાવ્યા મુજબ દર્દીઓને સારવાર આપવામાં આવેલ છે.

| અ.નં. | વિભાગ | દર્દીની સંખ્યા |
|---|---|---|
| ૧ | ઓ.પી.ડી.ના કુલ કેસો | ૨૫૨૫ |
| ૨ | દાખલ થયેલ દર્દીઓની સંખ્યા | ૮૧ |
| ૩ | સારવાર બાદ રજા આપેલ દર્દીની સંખ્યા | ૪૮ |
| ૪ | મેજર ઓપરેશન | ૦૨ |
| ૫ | માયનોર ઓપરેશન | ૧૩ |
| ૬ | ડાયાલીસીસ વિભાગમાં સારવાર લીધેલ દર્દીની સંખ્યા | ૩૯ |

TOP

# પ્રેસનોટ

## નોર્થ ઝોન (કતારગામ)

## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૯/૦૪/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૭ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૨૭૦ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૩,૦૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૩ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૭૮૧ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૪૯૯ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૪૮ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૩૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૫૨૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૨,૫૨,૪૭૩/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૭૩ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૯ એન્ટ્રીમાં રૂા.૬૬,૭૭૯/– અને આર.સી.ની ૪૪ એન્ટ્રીમાં રૂા.૨,૬૭,૫૫૧/– મળી કુલ રૂા.૩,૩૪,૩૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૧,૦૦૦/– અને દંડની રકમની ૧૫ એન્ટ્રીમાં રૂા.૨,૭૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૯ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૭ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ ૫૨ લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૮ ફાઈલોના રૂા.૧,૦૧,૮૬૫/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૫૩,૩૫૭/–, મિલ્કત ભાડાના રૂા.૧૨,૦૫૪/–, દબાણ ચાર્જના રૂા.૧૨,૪૭૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨,૮૧૦/– મળી કુલ રૂા.૮૦,૬૯૧/– ની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

# પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીંગ સ્ટશનો, બાગબાગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૯૨ બાગો અને ૪૦ શાંતીવન / શાંતિકુંજ  મળી કુલ ૧૩૨ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે અને આજે તા.૧૦/૦૪/૧૫ ના રોજ જાહેર જનતા / શહેરીજનો માટે વધુ ૨ (બે) બાગો કતારગામ (નોર્થ) ઝોનમાં કુલ રૂા.૧૭૬.૨૪ લાખના ખર્ચે તૈયાર કરી મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષાશ્રીમતી દેવિકાબેન જાદવાણીના વરદ્ હસ્તે મુખ્ય મહેમાનશ્રીઓ મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, જાહેર બાંધકામ સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ મોરડીયા, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિદંલ, તેમજ મ્યુ.સભ્યશ્રીઓ અને નગરજનોની હાજરીમાં  લોકાર્પણ વિધી  કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

**ઉદ્દઘાટન કરેલ બાગોની વિગત : –**

**૧. લેક ગાર્ડન**

ટી.પી.સ્કીમ નં.૬૬(કોસાડ–વરીયાવ), ફા.પ્લોટ નં.૩૪૩–એ, કોસાડ ગામ, સ્કુલની બાજુમાં, કોસાડ, સુરત.

**૨. ગાર્ડન**

ટી.પી.સ્કીમ નં.૩૫ (કતારગામ), ફા.પ્લોટ નં. આર–૧૨, ગોવિંદજી હોલ પાસે,
ડભોલી પાછળ, કતારગામ, સુરત.

આજ રીતે સુરત મહાનગરપાલિકા દર વર્ષે બહુજન હિતાય પર્યાવરણની જાળવણીના હેતુથી આગામી દિવસોમાં પણ જાહેર જનતાની સેવામાં નિયમિત રીતે વધુ બાગો / શાંતિવન / શાંતિકુંજના લોકાપર્ણ કરવામાં આવશે.

TOP

## સ્મીમેર હોસ્પીટલ–કોલેજ

## પ્રેસનોટ

૧. **સ્મીમેર હોસ્પીટલમાં તા.૦૩/૦૪/૨૦૧૫ થી તા.૦૯/૦૪/૧૫ દરમ્યાન સારવાર લીધેલ પેશન્ટોની આંકડાકીય માહિતી.**

| અ.નં. | વિગત | | દર્દીની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | આઉટડોર દર્દી | | ૯૬૭૧ |
| ૨ | દાખલ દર્દી | | ૮૯૭ |
| ૩ | એમ.એલ.સી.દર્દી | | ૩૭૯ |
| ૪ | આઈ.સી.યુ.વિભાગ | | ૩૧ |
| ૫ | ડીલીવરી | | ૧૦૭ |
| ૬ | ઓપરેશન | નાના | ૧૩૮ |
| | | મોટા | ૧૩૧ |
| ૭ | રેડીયોલોજી | | |
| | એક્ષ–રે | | ૨૫૫૮ |
| | સોનોગ્રાફી | | ૪૬૪ |
| | એમ.આર.આઈ. | | ૧૬૩ |
| | સી.ટી.સ્કેન | | ૧૨૬ |
| ૮ | એ.આર.વી. | નવા | ૬૭ |
| | | જુના | ૨૦૧ |
| ૯ | બ્લડ બેંક (યુનીટ) | ડોનર | ૨૩૮ |
| | | ઈસ્યુ | ૨૪૪ |
| ૧૦ | લેબોરેટરી | | ૨૦૧૫૩ |

**વધુમાં મીલ્ક બેંક, આઈ બેંક વિગેરેની સુવિધા પણ ઉપલબ્ધ છે. જે ગરીબ તથા મધ્યમ વર્ગના લોકોએ આરોગ્યલક્ષી સેવાનો સારો એવો લાભ મેળવી રહયા છે.**

## પ્રેસ નોટ

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## "સ્વચ્છ ભારત અભિયાન"

## તા.૧૦/૦૪/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૦૬ એપ્રિલ ૨૦૧૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ત્રીજા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**તા.૦૯/૦૪/૧૫ (સાંજે ૫:૦૦ થી ૭:૦૦) અને તા.૧૦/૦૪/૧૫ (સવારે ૧૧:૦૦ થી ૧:૦૦)** સુધીની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી **૧૦,૯૮૮ સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૧૦,૫૭૮ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૩૪૧ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. જયારે ઉધના ઝોનમાં ૯૯ દુકાનો બંધ હોવાનું માલમ પડેલ, આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૬૦,૫૫૦/– વહીવટી ખર્ચ** વસુલ કરવામાં આવેલ છે.

૫૦

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત સ્થિત આર્ટ ગેલરીનાં પ્રથમ માળ પર તા.૧૪/૦૪/૨૦૧૫ થી તા.૨૬/૦૪/૨૦૧૫ સુધી સ્થાનિક ૨૧ ફોટોગ્રાફરસ (છબીકાર) દ્વારા પાડવામાં આવેલ ૧૦૦ થી વધુ એસ્ટ્રો ફોટોગ્રાફરનું પ્રથમ વખત આયોજિત "એસ્ટ્રોફોટોગ્રાફી પ્રદર્શન" સાયન્સ સેન્ટર સુરત ખાતે નિહાળી શકાશે.

આ પ્રદર્શનમાં મુખ્યત્વે એસ્ટ્રોનોમી વિષય અંતર્ગત સુર્યમંડળના સભ્યો (સુર્ય,ચંદ્ર,ગ્રહો,ધુમકેતુ),તારાસહ રાત્રિઆકાશ,સ્ટારટ્રેલ વિગેરેના ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે.આ પ્રદર્શિત કરવામાં આવેલ છે.આ પ્રદર્શનમાં મુખ્યત્વે શ્રી સૌરભ દેસાઈ,શ્રી ચિત્તરંજન દેસાઈ,શ્રી હિતેષ ભદાણી,ડાં.હિતેશ પટેલ,શ્રી ધર્મેશ કડીવાલા,શ્રી હિરેન જોષી વિગેરે જેવા જણીતા એસ્ટ્રો ફોટોગ્રાફસ પ્રદર્શિત કરવામાં આવેલ છે.

વધુમાં આ પ્રદર્શનમાં રાત્રી આકાશના ફોટોગ્રાફસ કેવી રીતે લઈ શકાય વિગેરે જેવી માહિતી રજુ કરવામાં આવેલ છે.આ પ્રદર્શનનો જાહેર જનતાએ વિના મુલ્યે લાભ લેવા વિનંતી.

TOP

૫૧

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા સંચાલિત સાયન્સ સેન્ટર સુરત જાહેર જનતા માટે તા.૦૧/૧૨/૨૦૦૯ થી ખુલ્લુ મુકવામાં આવેલ,જેમાં મ્યુઝિયમ,પ્લેનેટેરીયમ,ફન સાયન્સ ગેલેરી,આર્ટ ગેલેરી ઓડીટોરીયમ તથા એમ્ફી થીયેટરનો સમાવેશ થાય છે.

તા.૧૬/૦૪/૨૦૧૩ ના રોજ માન.મેયરશ્રીના વરદ્‌હસ્તે ડાયમંડ ગેલેરીનું ઉદ્‌ઘાટન કરવામાં આવેલ અને તા.૨૫/૧૧/૨૦૧૪ ના રોજ ૩ડી થિયેટરનું ઉદ્‌ઘાટન પણ માન.મેયરશ્રી ના વરદ્‌હસ્તે કરવામાં આવેલ એપ્રિલ ૨૦૧૪ થી માર્ચ ૨૦૧૫ દરમ્યાન ૯૦૪૨૧ મુલાકાતીઓએ સાયન્સ સેન્ટર સુરતની મુલાકાત લીધેલ છે.તેમજ સાયન્સ સેન્ટર શરૂ થયા થી અત્યાર સુધી કુલ ૫,૬૧,૦૦૫ મુલાકાતીઓ દ્વારા મુલાકાત લેવામાં આવેલ છે.

TOP

૫૨

## ઉધના માં આવેલ સ્ટ્રીટ લાઈટનાં થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દુર કરવા માટે કરવામાં આવેલ કામગીરી અખબાર યાદી

**સુરત મહાનગરપાલિકાના ઉધના ઝોન વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે.અને છેલ્લા બે દિવસથી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.તા.૦૯/૦૪/૨૦૧૫ ના રોજ અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતિ અને મા.મ્યુ.કમિશનરશ્રી ની સીધી સુચના મુજબ આજરોજ ઉધના ઝોન ધ્વારા ૧૦ ઈજનેરી ટીમ અને ૫૦ માણસોનાં કાફલા સાથે વિવિધ સોસાયટી જેમકે ભગવતી નગર,જાનકી પાર્ક,દેવી દર્શન,રાધેશ્યામ વિગેરે સોસાયટીઓ માં બપોરે ૪:૩૦ કલાકે ૩૫ નંગ પોલ્સ નું દબાણ દુર કરી થાભલા ખુલ્લા કરવાની કામગીરી કરવામાં આવેલ છે.**

TOP

૫૩

## –: પ્રેસનોટ :–

સુરત મહાનગરપાલિકા દ્વારા વિશ્વવિભૂતિ–મહામાનવ, ભારત રત્ન અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૪/૦૪/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વંદના સહ સુતરાંજલિ તથા સાંજે ૪.૦૦ કલાકે સર્વધર્મ પ્રાર્થના તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે કરવામાં આવેલ છે. ૧૪મી એપ્રિલની સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાળાના બાળકો ડો.બાબા સાહેબ આંબેડકરના સુવાકયો સાથેના બેનર સાથે પ્રભાતફેરી આકારે કાર્યક્રમ સ્થળે આવશે. ત્યારબાદ ડો.બાબાસાહેબ આંબેડકરની પ્રતિમાને સુતરની આંટી પહેરાવી વંદના કરવામાં આવશે. આ પ્રસંગે સાંજે ૪.૦૦ કલાકે ડો.બાબા સાહેબ આંબેડકરના જીવન પર આધારિત વ્યકતવ્ય તથા વિવિધ સ્પર્ધાઓ અને સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવેલ છે. ''સમતા''ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરને વંદના સહ સુતરાંજલિ અર્પણ, વિવિધ સ્પર્ધાઓ અને સર્વધર્મ પ્રાર્થના કાર્યક્રમમાં પધારવા નગરજનોને હાર્દિક નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૦/૦૪/૨૦૧૫,શુક્રવાર ના રોજ કતારગામ ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને સંપન્ન કરવામાં આવી હતી.



JnNURAM યોજના અંતર્ગત ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ),બ્લોક નં.૪૮૬,આર–૨ ખાતે ૨૧ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી (ESR-K-2) કોસાડ ગામતળ,શ્રી બળીયાદેવનાં મંદિરની સામે,કોસાડ બસ સ્ટેન્ડથી આગળ,કોસાડ ખાતે રૂા.૨૨૨.૫૯ લાખના ખર્ચે સાકારિત ઓવરહેડ ટાંકીની લોકાર્પણવિધિ સવારે :–૧૦:૦૦ કલાકે માન.અધ્યક્ષ,પાણી સમિતિ શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી.આ યોજના થી ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ–વરીયાવ) પૈકીના તથા કોસાડ ગામતળ સહિતનો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે.સનેઃ–વર્ષ ૨૦૧૫ માં ૪૧૨૮૨,વર્ષઃ–૨૦૨૬ માં ૪૩૭૩૪ અને વર્ષઃ–૨૦૪૧ માં ૭૮૧૧૭ જેટલી વસ્તી આવરી લેવામાં આવેલ છે.વર્ષઃ–૨૦૧૫ માં ૭.૪૩ એમ.એલ.ડી,વર્ષઃ–૨૦૨૬માં ૭.૮૮ એમ.એલ.ડી.અને વર્ષઃ–૨૦૪૧ માં ૧૪.૦૬ એમ.એલ.ડી.પાણીનો સુચિત જથ્થો પુરો પાડવામાં આવનાર છે.

ટી.પી.સ્કીમનં.૬૬ (કોસાડ–વરીયાવ), ફા.પ્લોટનં. ૩૪૩–એ,કોસાડ ગામ,સ્કુલની બાજુમાં,કોસાડ,સુરત ખાતે રૂા.૧૦૦.૯૨ લાખના ખર્ચે સાકારિત લેક ગાર્ડનની લોકાર્પણવિધિ સવારે :–૧૦:૧૫ કલાકે માન.અધ્યક્ષા ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણીના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી. આ લેક ગાર્ડનમાં વોક–વે,ગઝેબો,પાર્કિંગ,પાણીની પરબ, ચિલ્ડ્રન પે એરિયા,કંપાઉન્ડ વોલ,ટોયલેટ બ્લોક,અન્ડર ગ્રાઉન્ડ ટાંકી,સ્ટ્રોમ/ડ્રેનેજ પાઈપ લાઈન વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે.જેનાથી આ વિસ્તારના પ્રજાજનોને હરવા ફરવા માટેની નવી જગ્યા મળી છે.

JnNURAM યોજના અંતર્ગત H-5 TYPE EWS આવાસ પાસે,નવા કોસાડ ક્રોસ રોડ,રજવાડી પાર્ટી પ્લોટ પાસે,કોસાડ,સુરત ખાતે ૧૫ લાખ લીટર ક્ષમતાની ઓવરહેડ ટાંકી (ESR-E-1) રૂા.૧૭૯.૯૩ લાખના ખર્ચે સાકારિત ઓવરહેડ ટાંકીની લોકાર્પણવિધિ સવારે :–૧૦:૩૦ કલાકે માન.અધ્યક્ષ,પાણી સમિતિ શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી આ યોજનાથી અમરોલી ગામતળ અને ટી.પી.સ્કીમ નં.૭૦ છાપરાભાઠા–અમરોલી–ઉત્રાણ–કોસાડ પૈકીનો વિસ્તાર આવરી લેવામાં આવેલ છે સનેઃ–વર્ષ ૨૦૧૫ માં ૨૪૦૦૦,વર્ષઃ–૨૦૨૬ માં ૪૯૬૯૬ અને વર્ષઃ–૨૦૪૧ માં ૬૨૧૩૩ જેટલી વસ્તી આવરી લેવામાં આવેલ છે.વર્ષઃ–૨૦૧૫ માં ૪.૩૨ એમ.એલ.ડી,૨૦૨૬માં ૮.૯૪ એમ.એલ.ડી.અને વર્ષઃ–૨૦૪૧ માં ૧૧.૧૮ એમ.એલ.ડી.પાણીનો સુચિત જથ્થો પુરો પાડવામાં આવનાર છે.

ટી.પી.સ્કીમ નં.૩૫ (કતારગામ),ફા.પ્લોટ નં.આર–૧૨,ગોવિંદજી હોલ પાસે,ડભોલી પાછળ,કતારગામ,સુરત ખાતે રૂા.૬૪.૩૧ લાખ ના ખર્ચે સાકારિત લેક ગાર્ડનની લોકાર્પણવિધિ સવારે :–૧૦:૪૫ કલાકે માન.અધ્યક્ષા, ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણીના વરદ્હસ્તે સંપન્ન કરવામાં આવી હતી આ લેક ગાર્ડનમાં વોક–વે,ગઝેબો,પાર્કિંગ,ટોયલેટ બ્લોક,અન્ડર ગ્રાઉન્ડ ટાંકી,જી.આઈ.પાઈપલાઈન સ્ટ્રોમ/ડ્રેનેજ પાઈપ લાઈન વિગેરે સુવિધાઓનો ઉપલબ્ધ છે.જેના થી આ વિસ્તારના પ્રજાજનોને હરવા ફરવા માટેની નવી જગ્યા મળી રહેશે.



ટી.પી.સ્કીમ નં.૨૬ (સીંગણપોર),ફા.પ્લોટ નં.–૧૨૩,કથીરીયા હનુમાન મંદિરની સામે,શુકન હાઈટ્સની પાછળ,સીંગણપોર,કતારગામ,સુરત ખાતે રૂા.૧૮૫.૨૫ લાખના ખર્ચે સાકારિત પ્રાથમિક શાળાની લોકાર્પણવિધિ સવારે :–૧૧:૦૦ કલાકે માન.અધ્યક્ષ,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા ના વરદ્‌હસ્તે સંપન્ન કરવામા આવી હતી

આ શાળા ૨૧૨૫.૦૦ ચો.વિસ્તારમાં બાંધકામ ક્ષેત્રફળ ધરાવે છે.જેમાં ગ્રાઉન્ડ ફલોરમાં પ્રિન્સીપાલ ઓફીસ–૦૧, સ્ટાફ રૂમ–૦૧,કલાસ રૂમ–૦૫ હોલ–૦૧ ,સ્ટોર રૂમ–૦૧, લેડીઝ ટોયલેટ, જેન્ટસ ટોયલેટ,ફર્સ્ટ ફલોરમાં કલાસ રૂમ–૦૮ નંગ, કોમ્પ્યુટર રૂમ–૦૧, લેડીઝ ટોયલેટ બ્લોક, જેન્ટસ ટોયલેટ બ્લોક,સેકન્ડ ફલોરમા કલાસ રૂમ–૦૮ નંગ, રીડીંગ હોલ–૦૧, લેડીઝ ટોયલેટ બ્લોક, જેન્ટસ ટોયલેટ બ્લોક વિગેરે સુવિધાઓ ઉપલબ્ધ છે.

સિંગણપોર ગામ તેમજ આજુ બાજુનાં વિસ્તારમાં રહેનાર રહીશોનાં બાળકોને પ્રાથમિક શિક્ષણની પાયાની સુવિધા નજીકમાં જ સરળતાથી ઉપલબ્ધ થઈ શકે તેવા હેતુસર સદર પ્રોજેકટનું આયોજન કરાયેલ છે. જેનાં થકી વિધાર્થીઓને કોમ્પ્યુટર શિક્ષણ, સાંસ્કૃતિક પ્રવૃતિઓ માટે વિશાળ હોલ જેવી સુવિધાઓ પણ પ્રાપ્ત થશે.

આ પ્રસંગે માન.ધારાસભ્યશ્રી મુકેશભાઈ પટેલ, માન.સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, માન.શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, ન.પ્રા.શિ.સમિતિના અધ્યક્ષ શ્રી અતુલભાઈ પટેલ, ન.પ્રા.શિ. સમિતિના સદસ્યશ્રીઓ, શાસનાધિકારી શ્રી હિતેષભાઈ માખેચા, ઉપશાસનાધિકારીશ્રી શંકરભાઈ પટેલ, મ્યુ.સદસ્યશ્રીઓ,મીડીયા,અધિકારીશ્રીઓ/કર્મચારીશ્રીઓ,શાળાના વિદ્યાર્થીઓ તથા વિશાળ સંખ્યામાં જનતાએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા વરાછા ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ તા.૧૩/૦૪/૨૦૧૫,સોમવાર ના રોજ યોજવામાં આવનાર છે.

(૧) હેલ્થ સેન્ટર,વોર્ડ ઓફિસ,વાંચનાલય અને શાંતિવનની લોકાર્પણવિધિ
સ્થળઃ–ટી.પી.સ્કીમનં.૨૧(સરથાણા–સીમાડા)ફા.પ્લોટ નં.૧૧૪,પ્રાણીસંગ્રહાલયની સામે,
સ્વસ્તિક ટાવર પાછળ,વિશાલ નગરની બાજુમાં,સરથાણા જકાત નાકા,સુરત
સમયઃ–સવારે ૧૦:૦૦ કલાકે

(૨) શાંતિકુંજની લોકાર્પણવિધિ
સ્થળઃ–નાના વરાછા,શ્રી રામજી મંદિરની બાજુમાં,સુરત
સમયઃ–સવારે ૧૦:૨૦

(૩) શાંતિકુંજ–શાંતિવનની લોકાર્પણવિધિ
સ્થળઃ–ટી.પી.સ્કીમનં.૨૦ (નાના વરાછા–કાપોદ્રો),ફા.પ્લોટ નં.૧૦૧,સ્વાતિ સોસાયટી પાસે,
ગંગા જમના સોસાયટીની સામે,સુરત
સમયઃ–સવારે ૧૦:૪૦ કલાકે

(૪) શાંતિકુંજ–શાંતિવનની લોકાર્પણવિધિ
સ્થળઃ–ટી.પી.સ્કીમનં.૩(કરંજ)ફા.પ્લોટ નં.૧૧,વસંત ભીખાની વાડી પાસે,ત્રિકમનગર,સુરત
સમયઃ–સવારે ૧૧:૦૦ કલાકે

માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા ની અધ્યક્ષતામાં શાંતિવન,હેલ્થ સેન્ટર,વોર્ડ ઓફિસ અને વાંચનાલય લોકાર્પણવિધિ અનુક્રમે માન.અધ્યક્ષાશ્રી, ગૃહનિર્માણ અને ઉધાન સમિતિ શ્રીમતી દેવિકાબેન જાદવાણી,અને માન.અધ્યક્ષશ્રી,જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.અધ્યક્ષાશ્રી,સમાજકલ્યાણ,આનંદપ્રમોદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી કિશોરીબેન કાપડીયા માન.અધ્યક્ષશ્રી, માન.અધ્યક્ષશ્રી,રૂગ્ણાલયો,વૈદકિય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિ શ્રી રવિન્દ્ર પાટીલ ના વરદ્હસ્તે કરવામાં આવશે. જે પ્રસંગે જાહેર જનતાને ઉપસ્થિત રહેવા સ્નેહભર્યું નિમંત્રણ છે.

TOP

## પ્રેસનોટ

ગુજરાત રાજયના તત્કાલીન મા.મુખ્યમંત્રી તથા હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વરદ્હસ્તે રાંદેર ઝોન ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાનું ભારત ખાતેનું ''જગદીશચંદ્ર બોઝ મ્યુનિસીપલ એકવેરીયમ'' તા.૧૪/૦૨/૨૦૧૫ ના રોજ જાહેર જનતા માટે ખુલ્લું મુકવામાં આવેલ. ''જગદીશચંદ્ર બોઝ મ્યુનિસીપલ એકવેરીયમ''ના એપ્રિલ–૨૦૧૪ થી માર્ચ–૨૦૧૫ દરમ્યાન ન.પ્રા.શિક્ષણ સમિતિની શાળા ૯૪,ખાનગીશાળાભ ૪૮૭,તથા ૭,૪૦૯૧૫ મુલાકાતીઓ  દ્વારા મુલાકાત લેવામાં આવી હતી.આ સમય દરમ્યાન રૂા.૨,૭૨,૩૨,૧૨૦/– ની સુરત મહાનગરપાલિકાને આવક પ્રાપ્ત થયેલ છે.

## પ્રેસનોટ

વરાછા વિસ્તારમાં સમાવિષ્ટ શહેર વિકાસના કામમાં નડતરરૂપ શુભમપાર્ક સોસાયટીના માન્ય યાદીના–૨૭ લાભાર્થીઓ,પટેલનગર હળપતિવાસ ઝુંપડપટ્ટીના માન્ય યાદીના –૦૮ લાભાર્થીઓ,શકિતનગર ઝુંપડપટ્ટીના માન્ય યાદી–૪૪ લાભાર્થીઓ,અશોકનગર ઝુંપડપટ્ટી માન્ય યાદી–૦૧,મહાકાલી ઝુંપડપટ્ટી –૦૧ JnNURM-BSUP અંતર્ગતના આવાસોનાં સ્થળાંતર કરવાની કાર્યવાહીના ભાગરૂપે આવાસો ફાળવવાનો ડ્રો તા.૧૦/૦૪/૨૦૧૫ ના રોજ સાંજે ૪:૩૦ કલાકે વરાછા ઝોન ઓફિસ ખાતે સ્લમ વિભાગના ચેરમેન શ્રીમતી મીતાબેન અનિલભાઈ ચૌહાણની ઉપસ્થિતમાં કરવામાં આવેલ છે.સંપૂર્ણ સુવિધાયુકત આવાસોમાં સ્થળાંતર થયેથી સદર ઝુંપડાવાસીઓનું જીવનધોરણ ઉચુ લાવી શકાશે.

TOP

## સુરત મહાનગરપાલિકા
## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન
## અખબારી યાદી

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

અઠવાલાઈન્સ વિસ્તારમાં સુરત–ડુમસ રોડ પર રજાના દિવસો દરમ્યાન ખાણીપીણીનાં લારી–ગલ્લાનાં દબાણને કારણે વાહન વ્યવહાર ઠપ થઈ જવા પામે છે. જેથી જાહેર જનતાની સગવડતા માટે ખાસ અભિયાન હાથ ધરી તા.૧૧/૦૪/૨૦૧૫ અને તા.૧૨/૦૪/૨૦૧૫ નાં રોજ સાંજના સમયે ૬૨ (બાસઠ) લારી અને ૭ (સાત) ટેમ્પો તેમજ અન્ય પરચુરણ સામાન / પાથરણાં વગેરે જપ્ત કરી રસ્તા પરનું દબાણ દૂર કરવામાં આવેલ છે.

ઉપરોકત કામગીરી ડે.કમિશ્નરશ્રીની સુચના અન્વયે કાર્યપાલક ઈજનેરશ્રીનાં માર્ગદર્શન હેઠળ અઠવા ઝોનનાં ટેકનીકલ સ્ટાફ, સીકયુરીટી સ્ટાફ તેમજ દબાણ વિભાગ દ્વારા સદરહું કામગીરી કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ
## નોર્થ ઝોન (કતારગામ)
## સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૧૦/૦૪/૨૦૧૫ થી તા.૧૨/૦૪/૨૦૧૫ સુધી કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૮૩૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૬૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૪૮,૭૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૧૩૦ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૧૫૮૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૧૬૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૧૦૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૯૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ. આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કુલ ૪૮૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૪,૧૪,૨૨૫/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૯ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૧૯ એન્ટ્રીમાં રૂા.૩૮,૫૯૦/– અને આર.સી.ની ૪૦ એન્ટ્રીમાં રૂા.૫,૮૩,૬૮૦/– મળી કુલ રૂા.૬,૨૨,૨૭૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા રીન્યુઅલની ૧૩ એન્ટ્રીમાં રૂા.૭૬૦/– અને દંડની રકમની ૧૨ એન્ટ્રીમાં રૂા.૧,૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૧૧ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૧૧ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૨૮ ફાઈલોના રૂા.૨૨,૩૫,૨૦૨/– ની વસુલાત કરવામાં આવેલ.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ વસુલાત રૂા.૯૨,૬૩૬/–, મિલ્કત ભાડાના રૂા.૧૧,૪૬૪/–, મંડપ ચાર્જના રૂા.૨૧/–, દબાણ ચાર્જના રૂા.૫,૭૫૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૧,૧૬૫/– મળી કુલ રૂા.૧,૧૧,૦૩૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૨ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)ના શહેર વિકાસ ખાતા ધ્વારા તા.૧૩/૦૪/૨૦૧૫ ના રોજ પ્રિલીમનરી ટી.પી.સ્કીમ નં.૩૬(વરીયાવ)ના ૩૬.૦૦ મી.ના ટી.પી.રોડમાં તથા સર્વિસ રોડમાં સર્વિસ લાઈટો શીફટ કરવામાં નડતર રૂપ ફા.પ્લોટ નં. ૪૮ને લાગુ આવેલ ૫(પાંચ) રેશીડેન્સીયલ કાચા પાકા રૂમોનું બાંધકામ દૂર કરી ઝુપડાવાસીઓને વૈકલ્પિક વ્યવસ્થા ફાળવી ૫૦૦.૦૦ ચો.ફૂટ જેટલી રસ્તા પૈકીની જગ્યાનો કબ્જો ખૂલ્લો કરવામાં આવ્યો. સદર ડીમોલીશન કરવાથી સર્વિસ રોડ ઉપર પ્રાથમિક સુવિધા તેમજ DGVCL ના કેબલ અન્ડર ગ્રાઉન્ડની કરવાની વિગેરે કામગીરી હાથધરી પૂર્ણ કરી સર્વિસ રોડ બનાવવાની કામગીરી ટુંક સમયમાં હાથ ધરવામાં આવશે.

ઉપરોકત કામગીરી કાર્યપાલક ઈજનેરશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ પશ્ચિમ ઝોન (રાંદેર) ના શહેર વિકાસ ખાતાના સ્ટાફ તથા દબાણના સ્ટાફ ધ્વારા સફળતા પૂવર્ક પૂર્ણ કરવામાં આવેલ છે.

TOP

૬૧

## પ્રેસનોટ

## ગાર્ડન ખાતુ

## સુરત મહાનગરપાલિકા

સુરત મહાનગરપાલિકા પર્યાવરણ શુધ્ધિકરણના હેતુથી મહાનગરપાલિકા ખુલ્લા પ્લોટોમાં ડ્રેનેજ પંપીંગ સ્ટશનો, બાગબાગીચાઓ, હેલ્થ સેન્ટર, વોટર વર્કસ અને જાહેર મિલ્કતોમાં પણ મોટા પાયે વૃક્ષા રોપણની કામગીરી કરે છે. શહેરમાં ગ્રીન સ્પેસ તરીકે હાલમાં કુલ ૯૨ બાગો અને ૪૦ શાંતીવન / શાંતિકુંજ મળી કુલ ૧૩૨ બાગબગીચાઓનો વિકાસ કરેલ છે અને આજે તા.૧૩/૦૪/૧૫ ના રોજ જાહેર જનતા / શહેરીજનો માટે વધુ ૪ (ચાર) શાંતિવન ઈસ્ટ (વરાછા) ઝોનમાં કુલ **રૂ.૮૯.૨૧** લાખના ખર્ચે તૈયાર કરી મા.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને ગૃહ નિર્માણ અને ઉદ્યાન સમિતિના અધ્યક્ષાશ્રીમતી દેવિકાબેન જાદવાણીના વરદ્ હસ્તે મુખ્ય મહેમાનશ્રીઓ મા.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ તેમજ અતિથિ વિશેષશ્રી તરીકે મા.ધારાસભ્યશ્રી પ્રફુલભાઈ પાનસેરીયા અને શ્રી કિશોરભાઈ કાનાણી (કુમાર), મા.ડે.મેયર શ્રીમતી રંજનબેન કે. વેકરીયા, મા. સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવ શાહ, શાસક પક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિદંલ, રૂગ્ણાલયો, વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિના અધ્યક્ષશ્રી ડો.રવિન્દ્ર પાટીલ, તેમજ મ્યુ.સભ્યશ્રીઓ અને નગરજનોની હાજરીમાં લોકાર્પણ વિધી કરવામાં આવેલ છે. સદર લોકાર્પણ કાર્યક્રમ દરમ્યાન સ્થાનીક નગરજનો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

**ઉદ્દઘાટન કરેલ શાંતિવનની વિગત : –**

૧. ડ્રા.ટી.પી. સ્કીમ નં.૨૧ (સરથાણા – સીમાડા) ફા. પ્લોટ નં.૧૧૪, પ્રાણીસંગ્રાહાલયની સામે, સ્વસ્તિક ટાવર પાછળ, વિશાલનગરની બાજુમાં, સરથાણા જકાત નાકા, સુરત.

૨. નાના વરાછા ગામ, શ્રી રામજી મંદિરની બાજુમાં, સુરત.

૩. ટી.પી. સ્કીમ નં.૨૦ (નાના વરાછા – કાપોદ્રા), ફા. પ્લોટ નં.૧૦૧, સ્વાતિ સોસાયટી પાસે, ગંગા જમના સોસાયટીની સામે, સુરત.

૪. ટી.પી. સ્કીમ નં.૩(કરંજ), ફા. પ્લોટ નં.૧૧, વસંત ભીખાની વાડી પાસે, ત્રિકમનગર, સુરત.

આજ રીતે સુરત મહાનગરપાલિકા દર વર્ષે બહુજન હિતાય પર્યાવરણની જાળવણીના હેતુથી આગામી દિવસોમાં પણ જાહેર જનતાની સેવામાં નિયમિત રીતે વધુ બાગો / શાંતિવન / શાંતિકુંજના લોકાપર્ણ કરવામાં આવશે.

TOP

**પ્રેસનોટ**
**સાઉથઝોન(ઉધના)**
**સુરત મહાનગરપાલિકા**

**તા.૧૩.૦૪.૨૦૧૫ નાં રોજ** સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : **૧૦૩** ફાઈલના **રૂા.૨૩.૨૫ લાખ** રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., તથા કુલ–**૦૨ લોકેશન(ખાડા)૧૪૦.૦૦ ચો.મી.** પેચવર્કની કામગીરી કરી કુલ **૯.૬૬૦** મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે. **કુલ–૦૫** લોકેશન(ખાડા) **૨૫૦.૦૦ ર.મી.** મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.**કુલ**–**૦૮** લોકેશન **૪૧૦૦.૦૦ ચો.મી.** સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., **આકારણી વિભાગ ધ્વારા** આવેલ કુલ અરજીઓની સંખ્યા **૭૦** છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા **:૧૨** છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક **રૂા.૪૫.૯૩** લાખ થયેલ છે.તથા **વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા** વ્યવસાય વેરાની આવક **રૂા.૮.૦૨** લાખ થયેલ છે.,**૧૪** EC તથા **૧૫** RC નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ **રૂા.૨૦૯૬**/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે **રૂા.૩૨૦૦**/– વસુલ લેવામાં આવેલ છે.,**૩૦** સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા **૦૭** સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા **આરોગ્ય વિભાગ ધ્વારા** સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ**૩૮૫** છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ**૧૦૩** છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :**૧૫૮.૫૩૦** મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ**૧૯** છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ **રૂા.૭,૫૫૦**/–છેતથા **વી.ડી.સી. વિભાગ ધ્વારા** કુલ :**૧૨૦૦૯** ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ**૨૫૮૪૦** બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ **૯૪** છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ**૭૭૦** કરવામાં આવેલ છે. જયારે **૩૧** નોટીસ આપવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા ધ્વારા તા.૧૩/૦૪/૨૦૧૫,સોમવાર ના રોજ વરાછા ઝોન વિસ્તારમાં સાકારિત વિવિધ પ્રકલ્પોની લોકાર્પણવિધિ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરાના પ્રમુખ સ્થાને સંપન્ન કરવામાં આવી હતી.



વરાછા ઝોનમાં આવેલ ડ્રા.ટી.પી.સ્કીમનં.૨૧ (સરથાણા–સીમાડા) ફા.પ્લોટનં.૧૧૪, પ્રાણી સંગ્રહાલયની સામે,સ્વસ્તિક ટાવર પાછળ,વિશાલ નગરની બાજુમાં,સરથાણા જકાત નાકા,સુરત ખાતે રૂા.૨૧૫.૮૦ લાખના ખર્ચે હેલ્થ સેન્ટર,વોર્ડ ઓફિસ,વાંચનાલય અને શાંતિકુંજ વિગેરે પ્રકલ્પોની ઉદ્ઘાટનવિધિ માન.અધ્યક્ષ,રૂગ્ણાલયો,વૈદકિયરાહત અને તંદુરસ્તીવર્ધક સમિતિ શ્રી રવિન્દ્ર પાટીલ,માન.અધ્યક્ષ જાહેર બાંધકામ સમિતિ શ્રી વિનોદભાઈ મોરડીયા,માન.અધ્યક્ષા,સમાજ કલ્યાણ આનંદપ્રમાદ અને સાંસ્કૃતિક સમિતિ શ્રીમતી કિશોરીબેન કાપડીયા તથા માન.અધ્યક્ષા ગૃહ નિમાર્ણ અને ઉધાન સમિતિના શ્રીમતી દેવિકાબેન જાદવાણી વિગેરેના વરદ્હસ્તે સવારે ૧૦:૦૦ કલાકે સંપન્ન કરવામાં આવી હતી.



આ હેલ્થ સેન્ટર ગ્રાઉન્ડ ફલોર અને પ્રથમમાળ ઉપર તૈયાર કરવામાં આવેલ છે.જેમાં મેડીકલ ઓફિસરરૂમ,ડિસ્પેન્સરીરૂમ,સ્ટોરરૂમ,ઓફિસ,કેશરૂમ,ડ્રેસીંગ તથા ઈજેન્કશન રૂમ,બાયોમેડીકલ વેસ્ટ રૂમ,લેબોરેટરી રૂમ,ફેમીલી પ્લાનીંગ તથા ઈમ્યુઝેશન રૂમ તેમજ લેડીઝ – જેન્ટસ તથા અપંગ માટે ટોયલેટની અલાયદી સુવિધા આપવામાં આવી છે.

આ હેલ્થ સેન્ટરમાં પ્રથમમાળ ઉપર હેલ્થ કલબ તૈયાર કરવામાં આવેલ છે.જેમાં જીમ્નેશીયમ,ઈન્ડોર ગેમ,એરોબીકસ,કેરટેકર,સોના બાથ,સ્ટીમ બાથ તથા લેડીઝ–જેન્ટસ ટોયલેટની સુવિધા આપવામાં આવી છે. આ ઉપરાંત પ્રથમ માળ ઉપર વાંચનાલય તથા ૩૮૧.૨૭ ચો.મી. વિસ્તારમાં વોર્ડ ઓફિસ તથા વાંચનાલયની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.



આ બન્ને બિલ્ડીંગોની બાજુમાં ખુલ્લા રહેલ પ્લોટમાં અંદાજીત ૧૬૦૦ ચો.મી વિસ્તારમાં શાંતિકુંજનું નિર્માણ કરવામાં આવેલ છે.જેમાં ગઝેબો,વોક–વે,પાણીની પરબ,લેડીઝ–જેન્ટસ માટે અલાયદો ટોયલેટ બ્લોકની સુવિધા ઉપલબ્ધ છે.આ વિસ્તારના અંદાજીત ૧.૫૦ લાખ લાભાર્થીઓને આ પ્રકલ્પોમાં આપવામાં આવેલ સુવિધાઓનો લાભ પ્રાપ્ત થશે.

નાના વરાછા ગામ,શ્રીરામજી મંદિરની બાજુમાં સુરત,ખાતે રૂા.૪૦.૦૦ લાખના ખર્ચે ગઝેબો,પાણીની પરબ,વોક–વે,લેડીઝ જેન્ટસ ટોયલેટ બ્લોક,ચિલ્ડ્રન પ્લે એરિયા અને કંપાઉન્ડવોલ સહિત અદ્યતન સુવિધા સાથેનો સમર્થગીત કવિશ્રી રમેશ પારેખ ઉધાનનું લોકાર્પણ ગૃહનિર્માણ અને ઉધાન સમિતિના માન.અધ્યક્ષા શ્રીમતી દેવિકાબેન જાદવાણી વરદ્હસ્તે સવારે ૧૦:૨૦ કલાકે સંપન્ન કરવામાં આવી હતી.

ટી.પી.સ્કીમનં.૨૦ (નાના વરાછા–કાપોદ્રા),ફા.પ્લોટ નં.૧૦૧,સ્વાતિ સોસાયટીની બાજુમાં રૂા.૮.૦૪ લાખના ખર્ચે સાકારિત શાંતિકુંજ–શાંતિવનની લોકાર્પણવિધિ ગૃહનિર્માણ અને ઉધાન સમિતિના અધ્યક્ષના વરદ્દહસ્તે સંપન્ન કરવામાં આવી હતી.જેમાં ગઝેબો,ટોયલેટ બ્લોક અને વોક–વે ની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.



ટી.પી.સ્કીમનં.૩(કરંજ)ફા.પ્લોટ નં.૧૧,વસંત ભીખાની વાડી પાસે,ત્રિકમનગર,સુરત ખાતે રૂા.૨૦.૧૭ લાખના ખર્ચે સાકારિત શાંતિકુંજ–શાંતિવનની લોકાર્પણવિધિ ગૃહનિર્માણ અને ઉધાન સમિતિના માન.અધ્યક્ષાના વરદ્દહસ્તે સવારે ૧૧:૦૦ કલાકે સંપન્ન કરવામાં આવી હતી.જેમાં વોક–વે,ગઝેબો નંગ–૨,ટોયલેટ બ્લોક વિગેરે જેવી સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે.જેનો આ વિસ્તારના પ્રજાજનોને અને સીનીયર સીટીઝન માટે હરવા ફરવા અને આનંદ પ્રમોદનો લાભ મળશે.

આ પ્રસંગે માન.સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ,માન.ધારાસભ્યશ્રી પ્રફુલ્લભાઈ પાનસેરીયા,માન.ધારાસભ્યશ્રી કિશોરભાઈ કનાણી (કુમાર),માન.ડે.મેયર શ્રીમતી રંજનબેન કે.વેકરીયા,માન.અધ્યક્ષ શ્રી સ્થાયી સમિતિ શ્રી નિરવ શાહ,માન.નેતાશ્રી શાસકપક્ષ શ્રી કિશોરભાઈ બિંદલ,માન.પાણી સમિતિના અધ્યક્ષ શ્રી ભૂપેન્દ્રભાઈ રાઠોડ,માન.ગટર સમિતિ અધ્યક્ષશ્રી વિનોદભાઈ પટેલ,વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, મ્યું.સદસ્યશ્રીઓ, મીડીયાનાપ્રતિનિધિશ્રીઓ ,ચેનલનાકેમેરામેનશ્રીઓ, પ્રેસફોટોગ્રાફરશ્રી, અધિકારીશ્રીઓ /કર્મચારીશ્રીઓ અને વિશાળ સંખ્યામાં જાહેર જનતાએ ઉપસ્થિત રહી આ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# પ્રેસ નોટ

## સુરત મહાનગરપાલિકા જાહેર આરોગ્ય વિભાગ

## "સ્વચ્છ ભારત અભિયાન" તા.૧૧/૦૪/૨૦૧૫

સુરત શહેરના સાત ઝોન વિસ્તારોમાં આવેલ વિવિધ કોમર્શીયલ સંસ્થા / દુકાનો પૈકી ઘણી સંસ્થાઓ દ્વારા તેઓની પ્રિમાઈસીસમાંથી ઉત્પન્ન થતો કચરો એકત્રિત કરવા ડસ્ટબીન રાખતા ન હોવાનું કે ડસ્ટબીનમાં કચરો એકત્રિત ન કરી, જાહરે માર્ગ ઉપર સરેઆમ કચરો ફેંકતા હોવાનું ધ્યાને આવતા, "સ્વચ્છ સુરત, સુંદર સુરત" ની છબી બગડવા ન પામે તે હેતુસર, "સ્વચ્છ ભારત અભિયાન" અંતર્ગત તા.૦૬ એપ્રિલ ૨૦૧૫ થી ૧૧ એપ્રિલ ૨૦૧૫ સુધીના સમયગાળા દરમ્યાન સુરત શહેરના તમામ ઝોન વિસ્તારોમાં આવેલ કોમર્શીયલ સંસ્થા / દુકાનોનું ચેકીંગ હાથ ધરી ડસ્ટબીન રાખવામાં આવેલ છે કે નહીં? તે અંગેની ત્રીજા તબકકાની ચકાસણી મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ છે.

**તા.૦૬/૦૪/૧૫ થી તા.૧૧/૦૪/૧૫** સુધીના ત્રીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, તમામ ઝોન મળી **૬૫૧૯૮ સંસ્થા / દુકાનો / એકમો ચેક કરવામાં આવ્યા, જે પૈકી ૬૨૬૬૪ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ હોવાનુ અને ૨૧૯૩ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ. જયારે ઉધના ઝોનમાં ૩૦૬ દુકાનો બંધ હોવાનું માલમ પડેલ,** જે દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૩.૩૬ % માલુમ પડેલ છે. **આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૩,૫૧,૪૨૫/– વહીવટી ખર્ચ** વસુલ કરવામાં આવેલ છે.

**તા.૧૩/૧૦/૧૪ થી** તા.**૧૮/૧૦/૧૪** સુધીના પ્રથમ તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, **૧૧૮૬૪ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ,** જે દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૧૩.૧૩ % માલુમ પડેલ છે. **આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૧૫,૨૬,૭૦૦/– વહીવટી ખર્ચ** વસુલ કરવામાં આવેલ છે.

**તા.૦૧/૦૧/૧૫ થી તા.૧૦/૦૧/૧૫** સુધીના બીજા તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન, **૩૧૯૯ સંસ્થાઓમાં ડસ્ટબીન મુકવામાં આવેલ ન હોવાનું જણાયેલ,** જે દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૪.૧૫ % માલુમ પડેલ છે. **આ કામગીરી દરમ્યાન કુલ રૂા.૪,૬૭,૬૦૦/– વહીવટી ખર્ચ** વસુલ કરવામાં આવેલ છે.

ઉપરોકત જણાવેલ ત્રણેય તબકકાની ડસ્ટબીન ચેકીંગની કામગીરી દરમ્યાન પ્રથમ તબકકા દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૧૩.૧૩ % , બીજા તબકકા દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૪.૧૫ % અને ત્રીજા તબકકા દરમ્યાન ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી ૩.૩૬ % માલુમ પડેલ છે. આમ, એકદંરે ડસ્ટબીન ન રાખતી સંસ્થાઓની ટકાવારી તબકકાવાર ઘટવા પામેલ છે.

૬૫

## સાઉથ ઝોન (ઉધના)માં આવેલ સ્ટ્રીટલાઈટના થાંભલા પર કરવામાં આવેલ બાંધકામ/ચણતરનું દબાણ દૂર કરવા માટે કરવામાં આવેલ કામગીરીની અખબાર યાદી

સુરત મહાનગર પાલિકાના સાઉથઝોન(ઉધના) વિસ્તારમાં વર્ષો જુના સ્ટ્રીટલાઈટના થાંભલાઓ કે જે સ્થાનિક રહેવાસીઓ ધ્વારા મકાનનાં/ચણતરનાં દબાણમાં લેવામાં આવેલ,તે અંગે છેલ્લા કેટલાક દિવસથી ઉધના ઝોન ધ્વારા જરૂરી સર્વેની કામગીરી કરવામાં આવેલ છે. અને છેલ્લા ૦૪( ચાર) દિવસ થી આ પ્રકારનાં દબાણવાળા સ્ટ્રીટલાઈટ પોલ્સને ખુલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. તા.૦૯/૦૪/૨૦૧૫ ના રોજ અધ્યક્ષશ્રી,સ્થાયી સમિતી અને મા. મ્યુ. કમિશ્નરશ્રીની સુચના મુજબ આજરોજ ઉધના ઝોન ધ્વારા ૧૦ ઈજનેરી ટીમ અને ૫૦ માણસોનાં કાફલા સાથે વિવિધ સોસાયટી જેમકે માનવ કલ્યાણ કુટીર,અપેક્ષાનગર,કૈલાશનગર–વિ.૩,પુનિતનગર, વિ.સોસાયટીઓમાં બપોરે ૫.૦૦ કલાક સુધીમાં ૩૦ નંગ દબાણવાળા પોલ્સનું દબાણ દૂર કરી ,થાંભલાઓ ખૂલ્લા કરવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે. જે કામગીરી પ્રગતિ હેઠળ છે. તેમજ આવનાર દિવસોમાં પણ આ કામગીરી ચાલુ રહેશે.

ઉપરોકત કામગીરી ઉધના ઝોનના શહેર વિકાસ,લાઈટ વિભાગના સ્ટાફ, દબાણખાતાના સ્ટાફ ધ્વારા કરવામાં આવેલ છે.

TOP

## પ્રેસનોટ

**સુરત મહાનગરપાલિકા સંચાલિત ડૉ.શ્યામા પ્રસાદ મુખરજી ઝુઓલોજીકલ ગાર્ડન (નેચરપાર્ક સરથાણા)ની તા.૦૧/૦૪/૨૦૧૪ થી તા.૩૧/૦૩/૨૦૧૫ ના સમયગાળા દરમ્યાન ૧૨ વર્ષથી નાના ૧,૦૩,૭૦૦ મુલાકાતીઓ ૧૨ વર્ષથી મોટા ૮,૦૩,૮૦૦ મુલાકાતીઓ,ટ્રસ્ટના ૨૪૯૯૦ કુલ ૯,૩૨,૪૯૦ મુલાકાતીઓ એ મુલાકાત લીધી હતી નેચરપાર્ક બટર ફલાય પાર્કની ૫૬૨૧૬ મુલાકાતીઓએ મુલાકાત લીધી હતી.વર્ષ ૨૦૧૪–૧૫ ના સમય દરમ્યાન (નેચરપાર્ક સરથાણા)ની રૂા.૯૧,૩૧,૭૯૦/–ની આવક સુરત મહાનગરપાલિકાને થઈ હતી.**

TOP

**–: પ્રેસનોટ :–**

## ડો.બાબા સાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી

સુરત મહાનગરપાલિકા દ્વારા વિશ્વવિભૂતિ–મહામાનવ, ભારત રત્ન અને ભારતીય બંધારણના ઘડવૈયા ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિ ઉજવણી નિમિત્તે તા.૧૪/૦૪/૨૦૧૫ને મંગળવારના રોજ સવારે ૮.૦૦ કલાકે વંદના સહ સુતરાંજલિ તથા સાંજે ૪.૦૦ કલાકે સર્વધર્મ પ્રાર્થના તેમજ અન્ય કાર્યક્રમોનું આયોજન ડો.બાબા સાહેબ આંબેડકરની પ્રતિમા પાસે, માનદરવાજા, રીંગરોડ, સુરત ખાતે કરવામાં આવ્યુ હતું. ૧૪મી એપ્રિલની સવારે નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના શાળાના વિદ્યાર્થીઓ ડો.બાબા સાહેબ આંબેડકરના સુવાકયો લખેલા બેનર સાથે પ્રભાતફેરી આકારે કાર્યક્રમ સ્થળે આવ્યા બાદ શહેરના પ્રથમ નાગરિક એવા મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, પદાધિકારીશ્રીઓ, તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી "સમતા"ના સિધ્ધાંત પર વિશ્વશાંતિ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન આપનાર પ્રખર રાષ્ટ્રપુરૂષ, દેશના પ્રથમ કાયદામંત્રી વિદ્વાન કાયદાશાસ્ત્રી–અર્થશાસ્ત્રી, તત્વજ્ઞાની, ઈતિહાસવિદ, પ્રખરવકતા–લેખક એવા મહામાનવ ડો.બાબાસાહેબ આંબેડકરને સુતરની આંટી પહેરાવી વંદના કરી હતી.



આ પ્રસંગે તા.૧૪/૦૪/૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ડો.બાબા સાહેબ આંબેડકરના જીવન પર આધારિત વ્યકતવ્ય તથા વિવિધ સ્પર્ધાઓ અને સર્વધર્મ પ્રાર્થનાનું આયોજન કરવામાં આવ્યું હતું. નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળાના બાળકોએ ડો.બાબાસાહેબ આંબેડકરના જીવન પર આધારિત સુંદર વકતવ્યો રજુ કરી નગરજનોને માહિતગાર કર્યા હતા. મ્યુનિ. કમિશ્નરશ્રી મિલિન્દ તોરવણેએ સૌને આવકારતાં ડો.બાબાસાહેબ આંબેડકરે કપરા સંજોગોમાં ઉચ્ચ શિક્ષણ મેળવી છેવાડાના માનવી સુધી હકકો પહોંચે તે માટે ભારતીય બંધારણના સંવિધાનમાં સમાવેશ કરાવ્યા તે બદલ હૃદય પૂર્વક ભાવાંજલિ અપર્ણ કરી હતી. માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ પ્રાસંગિક પ્રવચનમાં સમગ્ર દેશ આજે ડો.બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મ જયંતિ ઉજવી રહ્યો છે ત્યારે સુરત મહાનગરપાલિકા દ્વારા પણ નિબંધ સ્પર્ધા, વકતૃત્વ સ્પર્ધા અને ચિત્રકામ સ્પર્ધાના આયોજન સાથે સર્વધર્મ પ્રાર્થના આયોજન કર્યુ તેની સરાહના કરી નગરજનોને સંપૂર્ણ સુવિધા સાથેના પાકા આવાસ, ઉચ્ચ પ્રકારનું શિક્ષણ, આરોગ્ય સેવા મળે તે માટે કટિબદ્ધ હોવાનું જણાવ્યું હતું. ગરીબ કલ્યાણ મેળાઓ જેવી વિવિધ યોજનાઓ થકી ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને હાથો હાથ સહાય આપવામાં આવે છે. રાજય સરકાર તરફથી યોજવામાં આવેલ રાખીમેળામાં સુરત શહેર ૧૫ લાખની કમાણી સાથે પ્રથમ ક્રમે રહ્યાનો ઉલ્લેખ કર્યો હતો. ડો.બાબાસાહેબ આંબેડકરના સિદ્ધાંતો પ્રમાણે શિક્ષિત બની, સંગઠીત બની પડકારો સામે સંઘર્ષ કરવાની હાકલ કરી હતી. ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદીએ ગરીબ, દલીત સમાજના ઉત્થાન માટે રાજય અને કેન્દ્ર સરકાર તરફથી વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો. બંધારણના સંવિધાનના અનામતના હકક થકી સામાજીક અસમાનતા દૂર થયાનું જણાવ્યું હતું. ઉપરાંત આવનારી પેઢી ડો.બાબાસાહેબ આંબેડકરને યાદ કરે તે માટે સર્વે કરી કોઈ સ્મારક અથવા મોટો પ્રોજેકટ અમલમાં મૂકે તેવી અભ્યર્થના વ્યકત કરી હતી. શાસકપક્ષના નેતાશ્રી કિશોરભાઈ બિંદલે ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો.



આ પ્રસંગે મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા, શ્રી અજયકુમાર ચોકસી, દંડકશ્રી, ગુજરાત સરકાર, શ્રી વિવેકભાઈ પટેલ, અધ્યક્ષશ્રી, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોષ, ધારાસભ્યશ્રી પૂર્ણેશભાઈ મોદી, ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, ધારાસભ્યશ્રી રાજેન્દ્રભાઈ પી. પટેલ, સ્થાયી સમિતિ અધ્યક્ષશ્રી નિરવભાઈ શાહ, મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે,આઈ.એ.એસ., શાસકપક્ષ નેતાશ્રી કિશોરભાઈ બિંદલ, વિરોધ પક્ષના નેતાશ્રી ભુપેન્દ્રભાઈ સોલંકી, સાંસ્કૃતિક સમિતિ અધ્યક્ષા શ્રીમતી કિશોરીબેન કાપડીયા, વિવિધ સમિતિના ચેરમેનશ્રીઓ, મ્યુનિસિપલ સદસ્યશ્રીઓ, અધિકારીશ્રીઓ તથા નગરજનોએ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

TOP